મુસાફર કાવ્યમાળા પુસ્તક ૧ લું.

વિલસુ

લેખક મુસાફર.

પ્રકાશક

શાહ મણીલાલ છોટાલાલ લેખડીઆ.

મુસાફર કાવ્યમાળા. પુસ્તક ૧ લું.

વિલસુ

યાને

વાર્તાના રૂપમાં એક લાંબુ કાવ્ય.

લેખક—મુસાફર.

પ્રકાશક.

શાહ. મણીલાલ છોટાલાલ લેખડીયા.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૬૪. સને ૧૯૦૮.

કીંમત ૪ આના.

અર્પણપત્રિકા.

શ્રીયુત્ રા. રા. ભોગીન્દ્રરાવ રતનલાલ

દીવેટીઆ. બી. એ. (બન્ધુસમાજ)

અમદાવાદ.

આપ શ્રી સુદર્શનચક્ર સ્વરૂપ "સુંદરીસુબોધ" માસીકદ્વારા ગુણવંતી ગુજરાતની સુશીલ સુન્દરીઓની અવીદ્યાને નષ્ટ કરી, "મેઘનાદ" માસીકદ્વારા પવીત્ર ગુર્જરીના ઉછરતા બાળકોમાં સાહિત્ય રસ–અમૃતનું સીંચન કરી, તથા આપના વિશાળ હૃદયગિરીમાંથી જન્મ પામેલી "મૃદુલા" દ્વારા નીતીમય સુજ્ઞાન ગુર્જર તનુજોમાં પ્રસરાવી જે દેશસેવા બજાવો છો તેના બદલામાં હું આપને મારા તરફથી પ્રકાશ પામતું મારા મિત્રકૃત આ "વિલસુ" આપના પુજ્ય ચરણકમળમાં હાજર કરૂં તે કાંઇ મેં વધુ કર્યું તેમ કહેવાય નહિ. આવું સાહસ ઉઠાવવાની શક્તી મારામાં આપના પ્રતાપ વડેજ આવેલી છે એમ સમજી

આ નાનકડું કાવ્ય આપને અર્પણ કરૂં છું તે સ્વીકારી મને આભારી કરશો એજ વીનંતી.

આપનો આજ્ઞાંકીત શીષ્ય.

શાહ મણીલાલ છોટાલાલ

લેખડીયા.

પ્રસ્તાવના.

દેશની ઉન્નતીનો આધાર બહુધા સ્ત્રીઓપર રાખી શકાય અને તેથી જો સ્ત્રીઓને અધમ દશામાં રાખવામાં આવે તો દેશોન્નતીની આશા રાખવી તે નિરર્થક છે. આપણી પ્રાચીન સ્થિતિ અતિ તેજોમય હતી, તે સ્ત્રીઓનોજ પ્રતાપ હતો. હાલની સ્ત્રીઓ પ્રાચીન સ્ત્રીઓનું ભાન કરાવે તેવી થાય તે આશા લોભી ગણાય છતાંએ આપણે તે સ્થીતિ જોવાને ઝાઝો વખત કમનશીબ રહીશું નહિ. હાલની સ્ત્રીઓના હાથમાં સતી ચરિત્રો મુકવાં જોઇએ, તેવી વિદ્વાનોની સુચના થાય છે, અને તે અમલમાં પણ મુકાય છે. આ "વિલસુ" કાવ્ય તેવાં સતિ ચરિત્રોના જેવું કામ બજાવશે તેવી આશા રાખી લેખક તેને પ્રસિદ્ધ કરવાનું સાહસ ઊઠાવે છે.

સુધરેલા જમાનાની સુધરેલી કવિતાએ યુવાન સાહિત્ય સેવકોને પોતાની પ્રસાદી ચખાડી છે તો સ્ત્રી વર્ગને આવી પ્રસાદીથી વિમુખ રાખવો તે યોગ્ય નહિ લાગવાથી "વિલસુ" કાવ્યમાં યોજાયું છે.

રા. રા. પ્રેમભક્તિના મત પ્રમાણે ગુજરાતનો વાંચક

વર્ગ હુવે કાંઈ બાળક નથી કે તેને કવિતાની અમુક લીટી તે કોની ઉક્ત્તી છે તે ખાસ કરીને દર્શાવવું પડે તથા માત્રાઓનાં મથાળે -હ્રસ્વ તથા દીર્ઘનાં ચિન્હો મુકવાં પડે.

સંસ્કૃત ભાષાનું લેખકને મુદ્દલ જ્ઞાન નહિ હોવાને લીધે ભાષાની જોડણીમાં ભુલો થઇ જાય તે સ્વાભાવિક છે તેથી વાંચકવર્ગ તેને સુધારી વાંચી લેશે તેવી નમ્ર વિનંતી છે.

છેવટે

" જયજય ગરવી ગુજરાત. "

તા૦ ૩ જી માર્ચ ૧૯૦૮.
સાંકડીશેરી–અમદાવાદ.

લી૦ સેવક.
મુસાફર.

ગુરૂસ્મરણ.

શીખરિણી.

હતા મારે ગુરૂ નમન કરૂં નામાક્ષર સ્મરી,
ક્રીધા આભારો ખ્હો નહિ કદી જવાશેજ વિસરી;
પ્રતાપે જેના હું સુખી બહુ થયો આ જીવનમાં,
મને છાંડી ચાલ્યા ગુરૂજન હવે દિવ્યવનમાં. ૧

પ્રતાપો એના છે જગ કદી પુજે મુજ હમણાં,
ગુરૂની આશીશે અમર કદી થૈશું જગતમાં;
અમીની દૃષ્ટીથી ગુરૂનિજ શિશુને નિરખતા,
અને પ્રેમે તેને વિધ વિધ રીતે લાડ કરતા. ૨

કવિતા દેવીના નિશદિ ગુરૂ ઉપાસક હતા,
ગુરૂને દેખીને શિશુ નિજ થયો દેવી ભગત;
મને એ ગુરૂએ કવિત તણું ખ્હો જ્ઞાનજ દીધું,
અને આપ્યું મુને કવિય બનવાનું વર ભલું. ૩

કવિ થાજે બેટા જગત મહીં મોટો તુજખરે,
દીપાવે કૃત્યોથી ગુરજરી તણા શૃંગ સઘળાં;
નહિ થાશે મિથ્યા ગુરૂજન તણી આશિશ ભલી,
પ્રભુ પાસે માગું જલદી ફળજો વાણી ગુરૂની. ૪

હિમાળે સિધાવ્યા ગુરૂતપ મિષે પત્નિ સહિતે,
  મને સોંપી કાર્યો નિજથકી અધુરાં સઉ રહ્યાં;
ગયા કહેતા એવું ગુરજર ગિરાસેવ ધરજે,
  અને મારી સાથે અમર તુજનું નામ કરજે, ૫

ભુલાશે ના કોદી અધિક ઉપકારોજ ગુરૂના,
  નથી કીધી તો યે ગુરૂજન તણી સેવ કદીમેં;
પ્રભુ પાસે માગું જનમ મુજ આપો કદી બીજો.
  સદા હું ર્હાં એવા મુજ ગુરૂ તણા પુજ્ય ચરણે. ૬

એવા મારા ગુરૂને આ કાવ્ય સમર્પિત હોજો.

આપનો સ્નેહાંકિત,

શિષ્ય-મુસાફર.

વિલાસ.

વસંતતિલકા.

આજે હતો દિન રૂડો શિવરાત્રી કેરો,
  ને રાત્રીએ હુંય શિવાલયમાં ગયોતો;
આખી નિશા પુજન ત્યાં શિવનું કર્યું મેં,
  આવું પ્રભાત મહીં ભોજન કાજ ઘેર. ૧

જોઉં જઇ ઘર મહીં પ્રિય ના દીઠી મેં,
  કહે ચાકરો શરવરી હજુના ઉઠયાં છે,
માળે ગયો તહીં દીઠી ભર નિંદ્રમાંહી,
  મારી પ્રિયા સુતી હતી હીંચકાપરે જે. ૨

લાગ્યું મને હજુ સુધી પ્રિય શું સુતી છે,
  જાણે ન શું કદીય એ શિવરાત્રી વીતી;
મીઠા ઝીણા સ્વર થકી બુમ એક પાડી,
  "ઓ શર્વરી પ્રિય ઉઠો શીવરાત્રી વીતી." ૩

ઉઠી પ્રિયા ઝડપ લૈ મુજ સામી આવી,
  આનંદથી કર મહીં પિયુ લે વધાવી;
માફી પિયુ અરપજો બહુ નિંદ્ર લીધી,
  હું આપની અરૂણુ સેવ નકી આજ ચુકી. ૪

રેરે પિયુ ગજબ શો પ્રભુએ કર્યો છે,
વિલાસીકા મરી ગઈ ગઈ કાલ રાત્રે,
મેં જયારથી હૃદય ભેદક વાત સુણી,
રે ત્યારથી પિયુ નકી ડુબું શોક માંહી. ૫
આખી નિશા નથી ઉંઘી પિયુ હું લગીરે,
કીધા વિચાર અતિ કૈં નિજ મર્ણ કાજે;
વિલાસીકા મરી ગઇ ખરી વાત છે તે,
રેરે સતિ ખરી સખી પિયુ એ સતિશી. ૬

આવી સતિ ન નીરખી પિયુ કોઈ સ્થાને,
આવી કથા નથી સુણી કદી કોઇ કાળે;
વિલાસીકા મરી ગઇ નિજ પિયુ કાજે,
જો કે કદી લગન ઉભયનાં થયાં ના. ૭
વિલાસીકા શરવરી સ્ત્રીય કોણ છે તે,
કહેને મને સ્ત્રીય શું તે સખી તુજની છે;
હા પિયુ તે સખી હતી મુજ એક વેળા,
ને હાલમાં મુજ તણી ગુરૂએ બનીતી. ૮

તેનું જીવ્યું સફળ જીવનમાં થયું છે,
થોડું જીવી તદપીએ નકી મોક્ષ પામી;
પિયુ સુણો જીવન એ સતિનું કહું હું,
વિલાસીકા કયમ જીવી કયમ મર્ણ પામી. ૯

શિખરિણી.

પિચુ તાપીતીરે સુરત નગરી આવી જ રહી,
  તહીંનો રાજા જે કરણુસીંહ તેની કુંવરી આ;
રૂપે રંભા જેવી નથી પરણી તે કોઇ જનને,
  પુરાં તેણે કીધાં ઉમર મહીં જો સોળ વરસ. ૧૦

ઉપજાતી.

વિલાસીકા છે ગુણુની ભરેલી,
  શાસ્ત્રોકળામાં વળી તે પ્રવિણ;
પિતા જુએ છે નિજકાજ કંથ,
  મળે ન તોએ નિજના સમોકો. ૧૧

પ્રધાનને છે સુત વિનુકાન્ત,
  વિદ્વાન યુવાન જ ગુણવાન;
પ્રધાનનું છે કુળ કાંઇ નીચું,
  તેથી ન કન્યા સુતને મળેલી. ૧૨

શિખરિણી.

મહેલો બંનેના નદી તટપરે આવી જ રહ્યા,
  સુનેરી રંગેથી અંતિ ચળકતા શોભીજ રહ્યા;
ઉભાં રહેતાં બંને નિજ ઝરૂખમાં સાંજ સમયે,
  અને જોતાં તાપી રમત કરતી જે વહતીતી. ૧૩

હમેશાં ઉભાં રહે ઉભયજન સાંજે નિયમીતે,
વળી સામાસામી મદન વશ આંખે નીરખી રહે;
વિનુકાન્તે આજે હૃદય વિલસુનું હરી લીધું,
વિલાસીકા આજે પ્રિયતમ બની છે વિનુતણી. ૧૪

હળેલાં બંનેની ઉમર સરખી છે ન પરણ્યાં,
કિશોરાવસ્થા છે મદન હુમલા છે અનુભવ્યા;
રૂપે ગુણે જ્ઞાને રિતી ગતિ સ્થીતિ છે જ સરખી,
થઈ આશા ઇચ્છા ઉભયજનની એક મતની. ૧૫

લીધાં છે બંનેએ કટુ વચન ના લગ્ન કરવા,
વળી સુખે દુઃખે પ્રિયનિજ ભુલી નાજ તજવા;
પિતાઓનાધારે કદી યુગલ આવું જ રચવા,
તથાપિ બંનેએ દૃઢ પણ લીધાં તેમ કરવા. ૧૬

ઉપજાતી.

વિલાસીકાને વિનુકાન્ત નિત્યે,
વિલાસીકાના ઘરમાં મળે છે;
બંને જણાં ત્યાં પ્રીતિયુક્ત રહે છે,
નિર્દોષ ક્રીડા વળી કૈં કરે છે. ૧૭

ના કોઇ દિ તે મળવું ચુકે છે,
વિનુવિના વિલસુના રહે છે;

પ્રભાતમાં દર્શન નિજ લેછે,
ઉઠયા પછી તે ઝરૂખે ઉભી રહે. ૧૮

વસંતતિલકા.

વિનુ ઘણી વખત વિલસુ સાથ રાત્રી,
ગાળે અખિલનિશ ભોગવી નિજ મ્હેલે;
રે કોઇવાર વિલસુ વિનુ મ્હેલ રહે છે,
બંને જણાં સુખ મહીં દિન વિતવે છે. ૧૯

શિખરિણી.

છુપી રાખી છે આ કરણસીંહથી વાત સઘળી,
ન કોઇ જાણે છે યુગલ પ્રણયી જે બની રહ્યું;
પ્રભુ કોપ્યો આજે ઉભયજન શિરે નશીબથી,
નૃપે જાણી છે સૌ વિનુ વિલસુની વાત સઘળી. ૨૦

વસંતતિલકા.

આજે પડયું જરૂરનું વિલસુનું કામ,
તેડે મહેલ નૃપ કુંવરીને અચીંતી;
આવ્યો હતો કુંવર કો પર રાજયનો ત્યાં,
તેને બતાવવી હતી વિલસુ કુમારી. ૨૧

આવ્યો તહીં નૃપ તણો દુત તેડવાને,
જે મ્હેલમાં કુંવરી રહે તવ મ્હેલ માંહી;

પાડી બુમો ઘણી દુતે નવ કોઈ બોલે,
“ એ બ્હેન એ વિલસુબા નૃપરાજ તેડે. ” ૨૨
વિલાસીકા ગઇ હતી વિનુ મ્હેલ માંહી,
બંનેજણાં તહીં કરે કંઇ નર્મ ગોષ્ટી;
તે દુતના સ્વર બધા વિનુકાન્ત સુણે,
કહે છે પછી વિલસુને “ દુતકો પુકારે. ” ૨૩
આવી તહીં ઝડપ લૈ વિલસુ ઝરૂખે,
જુવે નીચે તહીં ઉભો દુત જે પુકારે;
તે દુતને નિરખતાં શરમીંદ થૈ તે,
ને બીક બ્હૌ જનકની ઉરમાં જ લાગી. ૨૪
“જાણી જશે નૃપ સઉ ગતિ શી થશે રે,
ના કૃત્ય આ જનકને મુજનું ગમેરે;
શીરે હું તો કળ કરી નૃપ શાંત પાડું,
નિર્દોષતા હૃદયની કયમ રે બતાવું. ” ૨૫
બંનેજણાં વિલસુને દુત ત્યાં ગયાંરે,
જયાં છે ભુપાળ વળી કુંવર જે રહ્યો છે;
દેખાડી તે કુંવરને વિલસુ કુમારી,
ને રાજને લગનની પછી વાત કાઢી. ૨૬
વીંહા કર્યો વિલસુનો નકી તેની સાથે,
મેમાન થૈ કુંવર જે અહીંયાં રહ્યો છે;

લીધું વળી લગન ચૈતરી પુર્ણિમાનું,
વિલાસીકા ખિન થઈ નિજ લગ્ન જાણી. ૨૭

છે ચાકરે કહી દીધી બધી વાત પેલી,
દીઠી હતી વિલસુને વિનુ મ્હેલ ઉભી;
બીના સુણી પતિત આ જહીં કર્ણ રાજે,
કોપ્યો અતિ ઉરમહીં કુંવરી પરે તે. ૨૮

મંદાક્રાન્તા.

લીધું એવું દૃઢ પણ નૃપે કુંવરી ત્યાગવાનું,
ધાર્યું તેણે યુગલ પ્રણયી રોષથી ભાગવાનું;
ક્યારે તેનું લગન કરૂં ને કંથ સાથે વળાવું,
મારે ત્યાંથી પતિત મુખ એ કુંવરીનુંજ ટાળું. ૨૯

શિખરિણી.

મુકી તેણે ચોકી સખત ઘણી સૌ મ્હેલ ફરતી,
નથી જાવા દેતા ઘડીય પણ કૈં બ્હાર કુંવરી;
વિલાસીકા આખો દિવસ વિતવે છે રૂદનમાં,
અને આશા આપી સખી નિજ બધી સાંત્વન કરે. ૩૦

વસંતતિલકા.

કાઢયો પ્રધાન સુતને વળી નગ્ર બ્હાર,
ના કો દીતે નગરમાં ફરી આવવાનો;

કાઢયો વળી સખત હુકમ એક એવો,
  ના રાખવો કંઇ સબંધ જ નગ્ર સાથે. ૩૧

શિખરિણી.

નદી સામે કાંઠે વિજનવન છે આવી જ રહ્યું,
  તહીં છે રાજાનું નહિય વપરાતું ઘર જુનું;
વિનુને રાખ્યો ત્યાં સવડ કરી આપી જરૂરની,
  મુકી ચારે બાજુ નિજથકી છુપી ચોકી ફરતી. ૩૨

ઉપજાતી.

પ્રધાનનું છે કુળ કાંઈ નીચું,
  રાજાતણું છે વળી ખુબ ઉંચું;
તેથી કુમારી નવ ત્યાં અપાય,
  આપે કદી તો નિજકીર્તિ જાય. ૩૩

શિખરિણી.

ગમે તેવાં દુઃખો પ્રણયી હૃદયો નિત્ય સહશે,
  હુળેલાં હૈયાં શું અધીર બની ને પ્રેમ તજશે;
વિલાસીકા કોદી નિજપિયુ વિનુ ને શું ભુલશે,
  સદાકાળે સ્થાને નિજપિયુ વિનુ કાન્ત સ્મરશે. ૩૪

હુજુ છોને આવે દુઃખ નદી તણી રેલ જબરી,
  ઉડાં રોપાયેલાં દૃઢ તરૂ ન તેથી જ ડરશે;

અમારી નૌકા છે પ્રણુયી ઉરની લોહ સરખી,
નહિ હારે ભાગે નદીય ખડકોથી સફરમાં. ૩૫

દીધા શ્રાપો કૈં કૈં વિનુ વિલસુએ તે કરણુને,
અરે ભાગ્યું ભોળું કુસમ હૃદયોનુંજ યુગ તેં;
વિલાસીકા લેછે સખત પણુ એવુંજ મનમાં.
“ કરી ઉપાયો સૌ નવ પરણુવું અન્ય જનને.” ૩૬

કરી છાની યુક્તિ ધન બહુ દુતોનેજ અરપી,
લખે પોતે પત્રો સઉ લઇ જવા તે વિનુ જહીં;
વિનુપત્રો આપે નિજ વળી મળે તેમ કરવું,
અને છાનું આ સૌ નૃપથકી રહે એમ રચવું. ૩૭

લખે પત્રો પ્રેમી હૃદય ઉદ્દગારો ઉભયના,
જણાવી પોતાના પ્રિય હૃદયને શાન્તિ મળવા
અરે આશાઓ કૈં ઉભયજન બાંધે ભવિષ્યની,
પરંતુ ના જાણે અરર ટુંકી દોરી નશીબની ૩૮

પ્રભુએ નિર્મ્યા છે ઉભય હૃદયો ભકિત કરવા,
નથી નિર્માયાં એ પ્રણુયી હૃદયો પ્રેમ રચવા,
તમારા લ્હાવા છે નદી તટપરેના ઝુંપડીમાં;
અરે નાના આવા કરણુસીંહના રાજ્ય ગૃહમાં. ૩૯

મંદાક્રાન્તા.

પાસે આવ્યા લગન દિવસો બાપડી વિલસુના,

તૈયારીઓ સઉ થઇ રહી કુંવરી લગ્ન કાજે,
આજે સાંજે વિલસુ પરણે દિન એ શુભ આવ્યો,
ને જામાતૃ નિજ પુર થકી જાન મોટીજ લાવ્યો. ૪૦

શિખરિણી.

અરેરે લીધો છે કઠણ હઠ ગાંડી વિલસુએ,
કહે છે પિતાને નથી પરણવું આ જગ વિષે;
છુરી લૈને તીખી જીવન ટુંકુ હું તો કરૂં નકી,
બળાત્કારે મારૂં લગન કરશો ના મહિપતિ. ૪૧

પિતા ઇચ્છાથી જો વિરૂધ કરશો તો મરી જઉં,
નદીના કાંઠે જૈ જળમહીં નકી ડુબી જ મરૂં;
પિતા પર્ણાવાનું ઉર ઠીક ગમે તો જ અરપો,
વિનુને તેડાવી નિજસહ ભલે લગ્ન કરજો. ૪૨

મને આપો મારો પ્રિયતમ વિનુકાન્ત ઉરનો
વરી ચુકયો છે જે હૃદય હરી લૈને વરસથી;
ન રહેશે આ આત્મા મુજ હૃદયમાં એ પિયુ વિના,
ગમે તો છેદી આ મુજ શિર પછી આપ રડજો. ૪૩

અરે બેટા વિલુ નૃપ પછી કહે છે કુંવરીને,
કહું હું તે માનો હઠ સઉ મુકી દ્યો વિનયથી;
હું છુ રાજા મોટો મુજ કુંવરી તે કેમ પરણે,
અરેરે નીચા તે સચિવ સુતને કુળ તજીને. ૪૪

પિતા છાંડો ખોટો ઉંચ કુળતણો ગર્વ સઘળો,
  નથી જોતાં પ્રેમી પ્રણુયી હૃદયો કાંઇ કુળને;
સતી કોને કહેવી હૃદય અરપ્યું એક જનને,
  કદી શું બીજાને મદનવશ આંખે નીરખશે. ૪૫

પિતા સાચું માનો શશિ રવિ કદી ભોમ ઢળશે,
  અને પૃથ્વીના સૌ ઉદધી કદી ખારાશ તજશે;
કદી મારા લીધે જગત સઘળું પ્રલય થશે;
  તથાપી મારો ના દૃઢ ગિરી સમો ટેક ફરશે. ૪૬

નૃપે સુણી આવાં વચન દૃઢ તેની કુંવરીનાં,
  ઉરે વિચાર્યું કે કુંવરી મુકશે ટેક કદી ના;
ખરી ક્ષત્રાણીનું રૂધીર નકી વ્હે નિજ ઉરમાં,
  મને લાગે પ્યારૂં શિયળ વૃત મારી વિલસુનું ૪૭

અરે બેટા વીલુ તુજ જનક આ દુશ્મન નથી,
  કદી તારો પીતા અરર તુજ ના સ્વાર્થ તજશે;
ભલે લોકો વૈરી મુજ તણી સદા નિંદ કરશે,
  તથાપિ મારાથી તુજ વિરૂધ ના કાર્ય બનશે. ૪૮

અરે જોજે બેટા જીવનૂ ટુંકુ તારૂંજ કરતી,
  જઈ તાપી તીરે મુજ ભય ધરી નાજ મરતી;
પુરી પાડું તારી લગન તણી આશા હૃદયની,
  નકી મારામાં તું ધીરજ થકી વિશ્વાસ ધરજે. ૪૯

શાલિની.

એવામાં ત્યાં દુત કોઇ જ આવે,
ને ચીઠી કૈં વિલસુ પાસ લાવે;
રાજા વાંચે ચીઠી તે હાથમાં લૈ,
તેમાં જુવે અક્ષરો વિનુના સૌ. ૫૦

માલિની.

ચકીત નૃપ થયો છે ચીઠી વાંચી જ આવી,
'અરરર' વદી અંતે ઉષ્ણ નિશ્વાસ નાંખે;
વિલસુ કરમહીં તે ચીઠી આપે પછીથી,
કુંવરી તજીય પોતે જાય છે નિજ મ્હેલે. ૫૧

વસંતતિલકા.

વાંચી ચીઠી વિલસુએ ઉર નિજ ચાંપી,
ને વાંચતાં ધર ઢળી તહીં તે અચીંતી;
"વ્હાલા પિયુ અરર શું મુજનેય છાંડી,"
એ શબ્દ સૌ મુખ રહ્યા પડી મુર્છમાંહી. ૫૨

શાલિની.

દોડી આવી દાસીઓ દોડતી ત્યાં.
સુણી આવા શબ્દ એ વિલસુના,
લે છે ખોળે એક દાસી વિલુને,
ને બીજી ગૈ રાજ્ય દ્વારે ત્વરાથી. ૫૩

મંદાક્રાન્તા.

દોડી આવ્યાં જનક જનની ને સગાંઓ જ ત્યાંહી,
  ઓચીંતી શું વિલસુ કુંવરી થાય આજે જ માંદી;
પિતા જાણે કુંવરી દુઃખ શું ખેદ પામ્યો ઉરે હ્હો,
  ઉપાયો સૌ તહીં કરી પછી કુંવરીને જગાડી. ૫૪

શાલિની.

કાઢી મુકયાં સૌ સગાં કર્ણરાજે,
  ને પુત્રીને શાન્તી આપે પછી તે;
બેટા વિલુ કર્મનાં દુઃખ રહેવાં,
  જોને તારા લગ્નમાં વિઘ્ન કેવાં. ૫૫

વિનુ માટે શોધ હું તો કરાવું,
  દેશોદેશે દુતને મોકલાવું;
પાછા આવે લગ્ન તો હું કરાવું,
  ને જામાતૃ એમને મુજ સ્થાપું. ૫૬

આજે એનાં લગ્ન તો બંધ રાખ્યાં,
  આવેલા સૌ લોક પાછા વળાવ્યા;
કહે છે એવું કુંવરી માંદી થૈ છે,
  સાજી થાશે લગ્ન ત્યારે કરીશું. ૫૭

વસતતિલકા.

વિલાસીકા પરણુશે નકી આજ રાત્રી,

એવું સુણ્યું જ વિનુએ દુતના મુખેથી;
સુણી બીના દુખિત ઉર ભરાઈ આવ્યું,
ને તે ત્યજાયલ જ હૈયું વિરાગ લાવ્યું. ૫૮

શાલિની.

છે ખોટું આ જગત માયા ભરેલું,
ધાર્યું એવું વિનુએ પ્રેમ માંહી;
વિલાસીકા ભુલશે મુજ કોદી,
તેથી તેને વિસરૂં આજથી હું. ૫૯

શિખરિણી.

વિલાસીકાને તે પીડીત હૃદયે કાગળ લખે.
વિલુ આજે સાંજે જનક પરણાવે તે સહજે;
હવેથી વિનુને તુજ ઉરથકી ત્યાગ કરજે,
અને સંસારીનાં સુખ દુઃખ બધાં ભોગ કરજે. ૬૦

વિલુ મારે માટે તુજ ઉર પ્રતિના ક્રુર થતી,
અને ગ્લાનીના તું ઉદધી મહીં ના કોદી બુડતી;
પિતાની આજ્ઞા તે ફરજ સઘળી આપણી નકી,
બની સ્વાર્થી પોતે જનક શિખ ના લોપ કરવી. ૬૧

જઇ ગંગા તીરે મઠમહી રહું હું પ્રતિદિને,
અને સેવું હું ત્યાં જગત ઇશને નિશ્ચલ મને;

હવે નાના કો'દી દુઃખી હૃદયને જગ્ત ગમશે,
 હમેશાં એ રહેશે પરમ પ્રભુના પુજ્ય ચરણે. ૬૨
પ્રભુએ નિર્મ્યું છે ઉભય જન કાજે નિમિત કૈં,
 પ્રભુ ઇચ્છાથી કૈં વિરૂધ કરવા આપણ મચ્યાં;
વિલાસીકા કોદી પ્રભુ વિરૂધ ના કાર્ય બનશે,
 સદાકાળે નિર્મ્યાં પ્રભુ પ્રણીત કાર્યો નિપજશે. ૬૩
પ્રભુની ઇચ્છાથી સુખ દુઃખ બધાં આવીજ પડે,
 પ્રભુ ઇચ્છા વિના શશિ રવિ નભે ના ઉગી શકે,
પ્રભુનાં આપેલાં અચળ સુખ આભોગ કરવાં,
 પ્રભુનાં આપેલાં દુઃખ સઉ સદા શિર ગ્રહવાં. ૬૪
લીધેલાં સુખો સૌ ગત દિન ભુલાશે શું કદીએ,
 મને તેવા દિનો નયન સમ આવી ચીડવશે;
હતી તું મારી જે મુજ હૃદય તારૂંજ ગણુતી,
 અરે તેને સ્થાને તુજ નકી બની અન્ય જનની. ૬૫
ન જોવાશે સ્થીતિ તુજ લગનની મુજ નયને,
 અરે તેથી હું તો તુજ જગતની બ્હાર જઉછું;
મને લાગે ખારો ભવ ઉદધી આ ફોગટ બધો,
 અરે મારે માટે સંફર કરવા લાયક નથી. ૬૬
વિલાસીકા લીધો ભરથરી સમો ભેખ સઘળો,
 હવે મેં ત્યાગ્યાં છે જનક જનનીને જે સુહૃદો,

કહેજે રાજાને વિનુથકી સદા નિર્ભય થજો,
અને ભોળા પ્રેમી પ્રણયી ઉર નિશ્વાસ ગ્રહજો. ૬૭

વસંતતિલકા.

વિલાસીકા વિરહજે નીતિ પંથમાં તું,
પાળી ખરૂં શિયળ નિર્મળ બુદ્ધિ રાખી;
ના આજથી કદીય હું તુજનો સગો કૈં,
તેથી મને વિસરજે તુજ ઉરમાંથી. ૬૮

શાલિની.

આશા ઇચ્છા સાગરે નાંખજે તું,
મારા માટે પ્રેમ ના રાખતી તું;
વૈરાગી હું સાધુઓનો અતીથિ,
નિર્માયોછું ઇશ્વરી હુકમોથી. ૬૯
સુખી થાજે વિલસુ જગત માંહી,
સંસારીનાં લ્હાવ સૌ માણજે તું;
રેરે તોએ વિનુ સંભારજે તું,
આપત્તિમાં જાપ એ જાપજે તું. ૭૦

વસતાતલકા.

વાંચ્યો હતો વળી નૃપે વિનુ પત્ર આખો,
જાણ્યુ હતું વિનુ નકી તજી સર્વ ચાલ્યો;
લીધો હશે દુઃખથી સાધુ તણોજ વેશ,
નાશી ગયો વિજન રાનની માંય છેક. ૭૧

શોધ્યો ઘણો તદપિ ના કંઈ ભાળ લાગી,
  જો પારકા મુલકમાં દુત મોકલાવી;
મંદિરને મઠ મહીંજ શિવાલયોમાં,
  સોધ્યો સઉ નદી તીરેજ ધર્માલયોમાં. ૭૨

શિખરિણી.

ગુફા ગીરી શૃંગો તહીં વળી બહુ શોધજ કરી,
  પુરો ગામો શોધ્યાં વિજન વનને રાનની મહીં;
વળી યાત્રા સ્થાનો ઉદધી દ્વીપમાં શોધ કરી બ્હો,
  તથાપિ વિનુની અરર કંઈ ના ભાળ મળતી. ૭૩

પિતા આપે શાંતિ નિજ કુંવરીને નિત્ય મનની,
  નવી આશા આપી દુઃખી વિલસુને સાંત્વન કરે;
ઘણા દિનો વીત્યા ન મળી કહીંથી ભાળ લગીરે,
  હવે વિનુની એ દુઃખી હૃદયને આશ નથી કૈં. ૭૪

વિલુની આશા સૌ પતિ તરફની ફોગટ ગઇ,
  હવે એ હૈયામાં ધીરજ હતી તે ઉડીજ ગઇ;
પતિ વાંસે પોતે જગત તજવું એ ઉર ગમ્યું,
  મુકી માયાઓ સૌ ક્રુર જગતથી દુર વસવું. ૭૫

અરે પિયુ એ શું વિકટ પથ ઝાલ્યાજ વનના,
  પ્રિયાને છાંડીને મતલબી બની નાશીય છુટયા;
હવે શું થાશેરે કયમ કરી જીવું એ પિયુ વિના,

વિતે શાથી મારા દિવસ નબળા એ વિનુ વિના. ૭૬

ઘડી પાસે આવો વિલસુ વધુને આપ મળવા,
તમારી સાથે હું વિજન વનમાં આવું રમવા;
તમારા વિના સૌ જગત મુજ ભાસે અરી સમું,
અરે પિયુકાજે ઘર ઉપર જૈ કયાંય ભટકું. ૭૭

તમારી સાથે લ્યો તમતણી સદા સેવ કરવા,
મને સાથે રાખી જગત ઇશને આપ ભજજો;
તમારા વિના કો શરણુ મુજનું નિત્ય કરશે,
પિયુ સાચું માનો તમ વણુ ન આ દેહુ ટકશે. ૭૮

વસંતતિલકા.

આવું અપુર્વ વિલસુ રડવું ધરે છે,
નિત્યે સ્મરી નિજ પિયુ ઉરમાં બળે છે;
આપે સખી સઉ મળી કદી શાન્તિ તોએ,
ના ઉર તેનું લગીરે કંઇ શાન્તિ પામે. ૭૯

વિલાસીકા નવ મળે દિન એક મ્હેલે,
દુતો જઇ નૃપકને ફરિયાદ લાવે;
જાણ્યું સઉ નગરના વળી લોક માત્રે,
કે કુંવરી દુઃખથી કૈં મરી ગઇ હશેરે. ૮૦

કોઇ કહે નદી મહીં પડી તે મરી છે,
સૌ કોઇ કૈં કંઇ જુદાજ તુરંગ બાંધે;

ના ભાળ કોઇ સ્થળમાં વિલુનીજ લાગી,
સૌ કોઇ કહે મરી ગઈ નકી વાત સાચી. ૮૧
ભુલ્યાં સઉ વિલસુને દિન મ્હો વિત્યાથી,
માતા પિતા હૃદયમાં અતિ દુઃખ પામ્યાં;
ક્રીયા બધી કરી નૃપે વિધી ધર્મની જે,
ને તેની પાછળ ઘણાં પુન્ય દાન દીધાં. ૮૨

શિખરિણી.

વિનુ છોડી ચાલ્યો સુરત નગરી વંદન કરી,
હવેથી મારે ના સુરત નગરીમાંજ વસવું;
દિને ચાલે છે ને નિશ સમય આરામ કંઇ લે,
અને એવી રીતે ભૃગુપુર સુધી આવીજ રહ્યો. ૮૩
ગયો રેવાકાંઠે મઠ મહીં ગુરૂને જઇ મળ્યો,
"મને આપો દિક્ષા પ્રિય ગુરૂજી એવું કહી વળ્યો;"
ગુરૂ દિક્ષા આપે વિનુ તહીં થયો સાધુ મઠનો,
અને નિત્યે રહે છે તહીં ગુરૂ સમીપે વિનયથી. ૮૪

શાલિની.

સાધુ ભેગો સાધુ વિનુ થયો છે,
ગુરૂજીનો શિષ્ય થૈ તે રહ્યો છે;
મોંનો ચ્હેરો સૌ ફરીરે ગયો છે,
ને ગાત્રો સૌ દુખથી શ્યામ થાયે. ૮૫

વસંતતિલકા.

ઉઠી પ્રભાત સમયે વનમાંહી જાય,
ને કાષ્ટની શિર મુકી વળી ભારી લાવે;
લાવે સદા ફુળ ફુળાદિક પત્ર પુષ્પો,
રેવાંજીનું નીર તહીં વળી સેવ કાજે. ૮૬
આવી રીતે ગુરૂતણી બરદાસ લે છે,
ને રાત્રીએ ગુરૂ તણો નીતિ બોધ લેછે;
વાંચે વળી મનુસ્મૃતિ શ્રુતિને પુરાણો,
વેદાંત ભાગવત ને પ્રભુની ગિતાઓ. ૮૭

શાલિની.

ધીમે ધીમે જ્ઞાન તેનું વધ્યું છે,
ને ગુરૂએ શાસ્ત્ર સૌ શીખવ્યું છે;
સ્થાપ્યો તેને ગાદીએ આવનારો,
સૌ શિષ્યોની સંમતિ લૈ ગુરૂએ. ૮૮
માથે રાખી છે જટા લાંબી મોટી,
સંન્યાસીના વસ્ત્રથી અંગ ઢાંકે;
તેને કોઈ સાંભરે ના સગાંઓ,
સુખો દુઃખો આગલાં જીંદગીનાં. ૮૯

ઉપજાતી.

આવ્યો ગુરૂના પર પત્ર એવો,
રે એક દિને કરણાવતીથી;

તેમાં લખ્યું છે ગુરૂ મર્ણ પામ્યા,
ને ત્યાંની ગાદી પડી છેય ખાલી. ૯૦
કર્ણાવતીમાં હતી ધર્મગાદી,
રેવાંજીના આ સઉ સાધુઓની;
આચાર્ય ત્યાંના અહીંથી નિમાતા,
અહીંના શિષ્યો ત્યાં ગુરૂ થૈ જતાતા. ૯૧

મોટા ગુરૂએ મનમાં વિચાર્યું,
ત્યાં ગાદીએ હું ગુરૂ કોણ નીમું;
વિચાર બ્હો કૈં મનમાં કીધા ને,
વિનુને ત્યાં મોકલવાનું ધાર્યું. ૯૨

વિનુ શિખ્યો છે નક્કી સર્વ શાસ્ત્ર,
જાણે વિનુ વેદ વળી પુરાણ;
તેના વિના (અ)હીં નથી કોઈ યોગ્ય,
દીપાવશે ત્યાં વિનુ ધમગાદી. ૯૩

ગુરૂ પૂછે છે વિનુને જશો કે,
અધ્યક્ષ થૈને કરણાવતીમાં;
ત્યાંની જગાના ગુરૂ મર્ણ પામ્યા,
ને મેં નિમ્યા છે તમને ગુરૂ ત્યાં. ૯૪

ત્યાં સાધુઓને વળી સાધવીઓ,
રહે છે ઘણી મંદિરની જગામાં;

દિને નિશાએ કરજો કથાઓ,
ને દિવસો વિતવજો મઝામાં. ૯૫
વિનુ કહે હુકમ આપનો જે,
માથે ચઢાવી નકી ત્યાં સિધાવું;
ત્યાં જૈ સદા હું પ્રભુને ભજીશ.
આજ્ઞા પ્રમાણે નિત ત્યાં રહીશ. ૯૬

વસંતતિલકા.

અધ્યક્ષ થાઇ વિનુ તો કરણાવતીમાં,
જૈને રહ્યો મઠમહીં સઉ સાધુ સાથે;
આવ્યો હતો જ મઠ સાબરના કિનારે,
ના પુરથી દુર હતો કંઇ તે વધારે. ૯૭
સાંજે સવાર નિત ત્યાંય કથા થતીતી,
તે સુણવા પુરતણા સઉ લોક આવે;
સાધુ સમિપ વિનુ નિત્ય કથા કરે છે,
તે સાધુઓ સઘળી સાધવીઓ સુણે છે. ૯૮
વિલુ હતી વિજન રાનની માંય નાઠી,
રે શોધવા પિયુશને તજી માત પિતા;
સાથે લીધી હતી વળી સખી માત્ર એક;
બંનેજણાં વિકટ જંગલ માર્ગ કાપે. ૯૯

સોષ્યો બધે પિયુશને કયમ ભાળ લાગે,
ના આશ વિનુનો કંઈ ઉરમાં જણાયે;
કંટાળીને વિલસુએ તપ આદર્યું એ,
કે ભક્તિમાં લિન થઇ દિવસોજ ગાળું. ૧૦૦
રે આવતા જનમમાં પિયુ એજ માગું,
ગાળી વૃથા દુઃખીત જીંદગી મોક્ષ પામું;
સંસારનાં સુખ બધાં પિયુના વિના શાં,
એણે તજ્યું જગતને કયમ હું તજું ના. ૧૦૧
મુસાફરી મહીં વિલુ કરણાવતીમાં,
આવી ચડી પછી ગઈ મઠમાં ગુરૂના;
દિક્ષા લીધી ગુરૂકને થઇ સાધવી તે,
ને મોકલી દીધી સખી નિજ ગામ માંહે. ૧૦૨
ધાર્યું વળી નિપુણીકા નકી નામ પોતે,
રહે છે સદા મઠ મહીં ઉરના ઉમંગે;
છે અહેં ગુરૂ સચિવ સુ(ત) વિનુકાન્ત પેલો,
શિષ્યા થઇ વિલસુ તેની પ્રભુ કૃપાથી. ૧૦૩

માલિની.

મહિધરગીરી એવું છે ગુરૂનુંજ નામ,
જન કયમ કદી જાણે કયાં ગુરૂનુંજ ધામ;

નથી કરી કદી પોતે વાતકો સાધુને કૈં,
સઉજન ગુરૂ જાણે હીમવાસી હશે શું. ૧૦૪

ઉપજાતી.

શિષ્યા ગુરૂનો ઉપદેશ લેછે,
ને સર્વકાળે નિજ સેવ ધારે;
મુક્તિ મળે છે ગુરૂ સેવવાથા,
એવું કથામાં વિલુએ સુણ્યુંતું. ૧૦૫

રે એક દિને ગુરૂનેજ શિષ્યા,
એકાંત માંહે મળીયાં અચિંતે;
ધારી શિષ્યાએ ગુરૂને નિહાળ્યા,
નિહાળતાં નેન ભરાઈ આવ્યાં. ૧૦૬

વસંતતિલકા.

ક્રીયા દીઠી ગુરૂજીએ વિલુની અજાણ્યે,
નિપુણીકા કયમ વળી નયનો ભીંજાવે;
બોલાવી તુર્ત નિજ પાસ નિપુણીકાને,
પૂછે પછી "નિપુણીકા કયમ ઓછું આવે." ૧૦૭

પૂછયું ઘણું તદપિ ના ખરી શી બીના તે,
શિષ્યા કહે ન ગુરૂને વધુ આંસુ પાડી;
રે આખરે કહી દીધી ખરી વાત એવી,
"કે ઓ ગુરૂતમ દીસો મુજના સબંધી." ૧૦૮

શિખરિણી.

કથા મારી ગુરૂ દુઃખિત અતિ છે તે કથું હું તો,
  પિતા મારો રાજા કરણસિંહ તેની કુંવરી હું;
હતી પ્રીતિ મારે સચિવ સુત સાથે હૃદયની,
  ગયા નાશી તેઓ તજી મુજ અને સુરતપુરી. ૧૦૯

ગુરૂએ જાણ્યું કે વિલસુ કુંવરી છે નિપુણીકા,
  અરે મારા માટે નવ પરણી વેઠયાં દુઃખ ઘણાં;
હવે મારી શિષ્યા થઇ નકી સદા તે ધરમની,
  અહીં રહેવું મારે નિજસહ હવે લાયક નથી. ૧૧૦

કદી એ જાણે કે સચિવ સુત હું છું સુરતનો,
  અરે તો એ વિલુ નકી હૃદયની માગણી કરે;
ફરી ત્યાગેલું શું જગત ઇચ્છવું ધર્મ તજીને,
  અરે એવી બીના મુજથકી હવે તો કયમ બને. ૧૧૧

વસંતતિલકા.

ગુરૂ કહે નિપુણીકા નવ ઓછું લાવો,
  સંભારીને સુખદુઃખો ગત જીંદગીનાં;
રે એક ધ્યાનથી સદા પ્રભુ ભક્તિ ધારો,
  ને બાકીનું જીવન (અ)હીં સુખથીજ ગાળો. ૧૧૨

ઉપજાતી.

લાગે મને એ અનુમાન ખોટાં,
  તમે કર્યાં તે લગીરે ન સાચાં;
હતો હું હિમાલયનોજ વાસી,
  ને મારૂં છે રે મુળ ગામ કાશી. ૧૧૩

નાની હતી ઉમ્મર ખુબ ત્યારે,
  વૈરાગ આવ્યો મુજ ઉરમાંહી;
મેં ત્યારથી આ નીતિ માર્ગ લીધો,
  ને આખરે ઉન્નત સ્થીતિ પામ્યો. ૧૧૪

આવી રીતે કૈં ઉપદેશ આપ્યો,
  વિલાસીકાને પછી શાંત પાડી;
વિલાસીકા તે ગુરૂને ન ભુલી,
  કીધું નક્કી કે વિનુ છે ગુરૂજી. ૧૧૫

ગુરૂ તજીને ગઈ ઓરડીમાં,
  જૈને લખ્યો ત્યાં વળી પત્ર એક;
આપ્યો પછી તે મઠના પગીને,
  ગુરૂજીને મોકલવાજ સારૂ. ૧૧૬.

સંધ્યા વિત્યે તે ગુરૂ પાસ આવ્યો,
  નિપુણીકાનો પગી પત્ર લેઈ;

" નિપુણીકાનો ગુરૂ પત્ર આલો,
આવ્યો હતો બેઘડી મુજ પહેલાં. ૧૧૭

વસંતતિલકા.

વાંચે વિનુ નિપુણીકાય તણોજ પત્ર,
તેમાં લખી હતી બીના નિજ જીંદગીની;
" ઓ ગુરૂજી નિપુણીકા તમ વિલસુ છે,
ને આપ છો મુજતણા પિયુ વિનુકાન્ત. ૧૧૮

મેં નીરખ્યા તમ હવે પડી આશ પુરી,
રે રે હવે સફળ થૈ મુજ જીંદગી સૌ;
હું આજ સુધી જીવતી તમ દર્શનાર્થે,
રે આશ તે પ્રભુજીએ મુજ પુર્ણ કીધી. ૧૧૯

બંને જણા મળીશું આપણ સ્વર્ગ માંહે,
હું મૃત્યુ આધિન થઇ પ્રભુ પાસ જાઉં;
ના મારી પાછળ તમો દિલગીર થાશો,
આયુષ્ય આપનું વળી શતવર્ષ વાધો. ૧૨૦

ઉપજાતી.

મંદિરની તુળસી વાડી માંહે,
રે બાળજો સૌ મુજ હર્ષ લાવી;
તેનીપરે એક શિલા મુકીને,
તેઉપરે કોતરજોજ લેખ. ૧૨૧

શિખરિણી.

'અહીં સુતી છે એ દૃઢ મનતણી મુગ્ધ કુંવરી,
  પતિ માટે જેણી જગત તજી સાધુમય બની;
કદી જોકે પાળ્યું શિયળવ્રત તેણે પ્રભુ ખરૂં,
  અરે તો એને એ નવિન અવતારે વિનુ મળો." ૧૨૨

વસંતતિલકા.

રોયો ઘણુંજ વિનુ વિલસુ પત્ર વાંચી,
  નિશ્વાસ નાંખી મનના વિલુ પાસ જાય;
જુએ જહીં નિપુણીકા તણી ઓરડીમાં,
  તો ત્યાં દીઠું શબ પડયુંજ નિપુણીકાનું. ૧૨૩

મૃત્યુ સુણી વિલસુનું સઉ દોડી આવ્યાં,
  શાથી મરી ગઇ વિચાર અનેક કીધા;
રે આખરે હુકમ એ ગુરૂએજ આપ્યો,
  કે બાળજો તુળસી વાડીની માંય એને. ૧૨૪

કયારો પછી ઉપર તેની ચણાવીશું રે,
  ને તેની માંય તુળસી વવરાવીશું રે;
હું ત્યાં પ્રભાત મહીં નિત્ય નીર સીંચી જૈશ,
  ને સાધુઓ તમ સઉ તરૂ રક્ષજો એ. ૧૨૫

ઉપજાતી.

આવી પિયુ છે વિલુની કથા સૌ,
કાલે નિશાએ વળી મર્ણ પામી;
સૌ પુરના લોક દુઃખી થયા છે,
આવી સુણી શોક ભરીય બીના. ૧૨૬

વસંતતિલકા.

હું કેટલાક દિનથી સખી તેની થૈતી,
ને નિત્ય મંદિર મહીં મળવા જતીતી;
તેણે મને કહી હતી દિન એક તેની,
આવી કથા નિજની આગલી જીંદગીની. ૧૨૭
ચાલો પિયુ સમય ર્હો વિતીરે ગયો છે,
બંને જણાં જમી પછી મઠમાં જઇશું;
આજે થશે વિલસુની તહીં દાહ ક્રીયા,
તે આવશે પુરતણા સઉ લોક જોવા. ૧૨૮

મુસાફર.

સંપુર્ણ.

સંક્ષિપ્ત ટિપ્પણ.

" ક્લાસિકટેઇલ્સ " માંના જૉનલેન્ગહોર્નના " થીઓડોશીયસ અને કોન્સ્ટેન્સીઆ " ના પત્રો વાંચતાં લેખકના હૃદયમાં આ કાવ્ય રચવાનો વિચાર ઉદ્ભવ્યો છે. વિલાસીકા જો કે ઉક્ત પત્રોનું ભાષાંતર તેમજ અનુકરણ નથી છતાં તે યુરોપીયન વિચારોવાળું કાવ્ય કહેવાશે; કારણ તેમાંનો કેટલોક રસ તથા વિચારની ઉચ્ચ શ્રેણી અને કવિત્વની રસજ્ઞતા સાચવી રાખવાનો લેખકે બનતો પ્રયાસ કર્યો છે. ઘણુંખરું પાશ્ચિમાત્ય લેખકોને ટ્રેજડી વધારે પસંદ હોય છે, અને લેખકને પણ તેવી વારતાઓ વધારે પસંદ હોવાથી વિલસુને ટ્રેજડીમાંથી કોમેડીમાં ફેરવી નાંખવાનું યોગ્ય લાગ્યું નથી.

આ કાવ્ય પુરૂષો કરતાં સ્ત્રીઓની વધારે પ્રિયતા મેળવી શકશે, એવી આશાથી લખાણમાં નરીસરળતાનો ઉપયોગ કર્યો છે. ભલે ગુણવંતી ગુજરાત તેને પુજે કે ન પુજે ! વિલસુ કાવ્ય કાંઈ ઉત્તમ પ્રકારની કાવ્ય શક્તિનું ભાન કરાવનાર વસ્તુ નથી, તેમજ તે કોઇ સાક્ષર અગર કવિના હાથે રચાયલું નથી કે તેમાંથી કવિતાના સર્વરસની તથા અલંકારોની આશા રાખી શકાય. વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીની ખડમચડી, બીન અનુભવી, અપક્વ કલમથી વિલસુ યોજાયું છે. તેમાંથી અસંખ્ય દોષ નીકળવા સંભવીત છે; પણ ગરવી ગુજરાતનાં સર્વ સેવકોને તેની સેવા કરવાનો અધિકાર છે તે વાતજ ફક્ત લક્ષમાં રાખી લેખકે આવો ભગિરથ પ્રયત્ન આરંભ્યો છે.

સ્વર્ગસ્થ કવિ પ્રેમાનંદ બૃહદશ્વ પાસે યુધિષ્ટિર પ્રત્યે નળાખ્યાન કહેવરાવે છે તેવી રીતે લેખક પત્નિ પાસે તેની સખીનું જીવન ચરિત્ર કહેવરાવે છે. લેખકો પોતે કાવ્ય કહી જાય તે કરતાં કોઈ ત્રાહિત માણુસ પાસે તે કહેવરાવે તે વધારે રસમય લાગે છે. અને તેમાં વળી સ્ત્રી મુખથી છે તેથી તેની અસર વધારે થશે તેમ સમજી ઉપોદ્ઘાત આ પ્રમાણે ગોઠવેલી છે. માથા કરતાં પાઘડી મોટી થઇ જશે તેવી બીતીથી આ ટિપ્પણ જેમ બને તેમ ટુંકામાં પતવવામાં આવ્યું છે.

ટુંક. ૧ લી. શિવરાત્રી. લેખકને આ કાવ્ય લખવાનો વિચાર શિવરાત્રીને દિવસે જન્મ પામવાથી તેનું સ્મરણ રાખવાને તેને શુભ દિવસ ગણી કાવ્ય આરંભેલું છે. સ્ત્રીઓને ભક્તિ અતિપ્રિય છે તેથી કાવ્ય વંચાવતાં પહેલાં તેમનાં હ્રદયો ભક્તિમય બનાવવા લેખકે તે દિવસની આખી રાત્રી શિવ પુજન કરવું ઉચિત ધાર્યું. રાત્રી વીતી ગઇ અને પ્રભાત સમયે ભોજન સારૂ ઘેર આવવું પડ્યું.

૨. પત્નિને ઘરમાં કામકાજ કરતી જોઈ નહિ. નિત્ય સવારમાં વ્હેલી ઉઠતી પણ આજે નીચેના મજલાઓમાં કાંઈ જણાઇ નહિ. ચાકરોને પૂછતાં ખબર મળી કે “શર્વરી” હજુ ઉઠ્યાં નથી. માળે હિંચકાપર સુતાં છે. ભરનિંદ્રામાં છે.

૩. આજે શિવરાત્રીનાં પારણાનો દિવસ હોવા છતાં પત્નિ વ્હેલી ઉઠી નથી. શું શિવરાત્રી હજુ વીતી નથી. પત્નિ સાથે વાત કરવાની અધિરાઇએ તેને, તેને જગાડવાની ફરજ પાડી. અને તેના કાનમાં એક ઝીણા મધુર સ્વરે બુમ પાડી “ શર્વરી ” શિ-

પ્રાત્રી વીતી. શિવરાત્રી જાણી તમે વધારે નિંદ્રા લેતાં હશો. પણ તે શિવરાત્રી વીતી ગઇ. માટે સત્વર ઉઠો. પતિનું નામ શર્વરીજ ઠીક છે. લેખકને શર્વરી એ નામ અતિ પ્રિય છે. બીજા પ્રસંગોએ પતિને સંબોધન કરતાં તથા તેના સંબંધમાં લખતાં “શર્વરી” નામ વાપરેલું છે.

૪. શર્વરી ઉઠી. ઉઠતાંની સાથેજ પોતાના સમીપ ઉભેલા મહાદેવજીની પ્રતિમા સરખા પતીશ્વરને દીઠા. કરપલ્લવોથી તેમને વધાવી લીધા, આનંદના ઉમળકાની સાથે પતિને આનંદસાગરમાં તરતો જોઈ આજે વધારે વખત નિંદ્રા લેવાઇ ગઇ હતી તે માટે તથા પોતે પ્રભાતની પતિસેવા ચુકી હતી માટે તેની માફી માગી લીધી. અને તે તેને મળી ચુકી હતી. પ્રભાત સમયે પતિ સેવાનો રિવાજ જોવા લેખક ઉત્સુક છે અને તેથીજ તે તે શુભ રિવાજની અહીં સ્મૃતી કરાવે છે.

૫. નાજુક, સુંદર, મધુર અવાજથી શર્વરી પતિ આગળ શોક સમાચાર કહે છે. તેની વિલાસીકા નામની પ્રિય સખી ગઇ કાલ રાત્રે મરણ પામી છે. તેનો પતિ ઘેર નહિ હોવાથી તેને ખબર નહોતી. તેથી પ્રિયા મુખે આ શોકજનક સમાચાર સાંભળી તે દીલગીર થાય છે. શર્વરી પતિને કહે છે કે “હે સ્વામી જ્યારથી મેં આ વાત સાંભળી છે ત્યારથી હું શોકસાગરમાં ડુબી છું.” સખીના મૃત્યુથી કુમળા હૃદયની શર્વરી ખેદ પામે તેમાં કાંઇ નવાઇ નથી.

૬. આખી રાત્રી સખીના મૃત્યુ સંબંધના વિચારો કરેલા છે. પોતાને ઉંઘ નહોતી આવી તે વાત પિયુને જણાવે છે. પતિને

સંશય રહેતો હોય માટે તેને ફરીથી કહે છે કે વિલાસીકા મરી ગઇ તે વાત સત્ય છે. પિયુ પાસે સખીને સતિ કહી તેનાં વખાણ કરે છે. મરેલી સંભારી રૂદન કરે છે.

૭. આવી સતિ કોઇ થઇ નથી અને આવી કથા કોઈ દીવસ સુણવામાં પણ આવી નથી. લગ્ન થયેલાં નહિ હતાં છતાં વિલાસીકા પિયુ કાજે મરણ પામી, અર્થાત સતિ થઈ હતી. લગ્ન થયાં સિવાય પતિ શા માટે કહ્યો ? વિલાસીકા તેને મનસા અને વચસા વરી ચુકી હતી માટે પતિ કહેલો છે.

૮. વિલાસીકાનાં આવાં વખાણ સાંભળી શર્વરીને તેનો પતિ પૂછે છે, કે જેનાં તું આટલાં વખાણ કરે છે તે સ્ત્રી કોણ છે. શું તે તારી સખી છે ? શર્વરી કહે છે કે હા તે મારી સખી હતી અને વળી થોડાક સમયપર તે મારી ગુરૂ પણ બની હતી. 'ગુરૂ' એટલા માટે કે પતિનું અરૂણ સેવન કરવાનું તે વિલાસીકા પાસેથી શીખી હતી.

૯. સતિનું જીવન સફળ થયું. થોડું જીવી તથા સંસારમાં પડી સારાં–નરસાં, ઓછાં–વત્તાં, કરવાનો વખત નહિ મળ્યો છતાં તેના દૃઢ ટેકના તપવડે તે મોક્ષની અધિકારીણી થઇ.

૧૦. હવે કથા શરૂ થાય છે. સ્ફોટકૃત વીરગાન છેલ્લા ગવૈયાના મુખથી બોલાય છે તેમ આ વિલસુ ચરિત્ર શર્વરીના મુખથી શરૂ થાય છે. ટુંકામાં સઘળું આવી જાય છે. વિલાસીકા કોણ, કોની કુંવરી, કયા સ્થળનીવાસી, તેની ઉમ્મર કેટલી, પરણી કે કુંવારી, તથા રંભા જેવી રૂપાળી, તે સઘળું વર્ણન આવી જાય

છે. રંભા સર્વગુણસંપન્ન હતી તેથી રંભામાં સઘળું આવી જાયછે. વિલાસીકાને લગતું સઘળું વર્ણન કરવાનું છે એટલે બીજાં પાત્રો વિષે કહેવું ઉચિત નથી. અને ઉચિત સમજી વર્ણન કરવા જઈએ તો સ્થળ સંકોચ વચમાં આવે છે.

૧૧. લેખક વિલાસીકાનું જ્ઞાન તથા તેના ગુણ બતાવે છે. હજુ પરણાવી નથી તેનું સત્ય કારણ હવે જણાય છે.

૧૨. નાયિકાની ઓળખાણ થયા પછી નાયકને ઓળખવાની ખાસ જરૂર સમજી લેખક તેને ઓળખાવે છે. તે પણ પરણ્યો નથી. જ્ઞાતિ રિવાજને લીધે નાછુટકે તેને કુંવારા રહેવાની ફરજ પડેલી છે. રાજા ક્ષત્રી અને પ્રધાન વૈસ્ય છે.

૧૩. બંનેનો અરસપરસ સંબંધ કરાવવાને આ પ્રમાણે લખવાની જરૂર પડી છે. સામસામી મહેલો આવી રહ્યા છે. ચારે તરફ ફરતા ઝરૂખા છે. જમણી બાજુએ તાપી નદી વહ્યાં કરે છે. સંધ્યા સમયે ઝરૂખામાં ઉભા રહી તાપીની રમણીયતા જોવાને મન કેમ ઉત્સુક ન થાય.

૧૪. નાયક નાયિકા બંને હંમેશ નિયમ મુજબ સંધ્યા સમયે ઝરૂખામાં હાજર થાય છે. નિર્દોષતાથી બોલવા ચાલવાની છૂટ, માતપિતાનો ધાડો સંબંધ; તેથી તે પ્રમાણે ઉભા રહેવામાં કોઇ દોષ ગણતું નથી. નિર્દોતામાં અપવિત્રતા પેસે છે. મદન તથા રતિના ભક્ષરૂપ બને છે. સમય બળવાન છે. એક દિવસ નિત્ય દુર ઉભાં રહેનારાંનાં હ્રદયો પાસે આવે છે, એક બીજાને મળે છે, એકત્ર થાય છે.

૧૫. એકત્ર કેમ ન થાય? સર્વ સામગ્રી તૈયાર. ઉમર સરખી, બંને કુંવારાં, કીશોરાવસ્થા, મદનથી સપડાયલાં, રૂપ, ગુણ તથા જ્ઞાનમાં સરખાં રીતી ગતિ તથા સ્થીતિ પણ સરખી, છેવટે તેમની આશાઓ અને ઇચ્છાઓ પણ એકજ. ઉપર પ્રમાણે હોવાથી બંનેનાં હૃદય એક થાય છે. પ્રભુ અનુગ્રહે આ જોડું બંધાય તો અયોગ્ય કહેવાશે નહિ.

૧૬. હવે બંને જણ દઢ પણ લે છે. અન્ય સ્ત્રી અગર પુરૂષ સાથે લગ્ન નહિ કરવા બંધાય છે. અન્યો અન્યે સુખ દુઃખ ના સરખા ભાગ કરી સંસાર સાગર તરવો. પિતાઓની ઇચ્છા ન હોય તે છતાં ટેક તજવો નહિ એવી ભિષ્મ પ્રતિજ્ઞાઓ બંને જણ લે છે.

૧૭. ૧૮. ૧૯. બંનેનો પ્રેમ ઘણો ગાઢો થાય છે. એકને બીજા વિના ચાલી શકતું નથી. પ્રેમની અનહદ સીમાનો આભાસ થાય છે.

૨૦. આપણામાં કહેવત છે કે " નશીબ ચાર ડગલાં આગળનું આગળ " તે પ્રમાણે થાય છે. રાજાથી વાત છુપી રાખવા જાય છે પણ પ્રભુ કોપથી પકડાઇ જાય છે. પ્રભુ કોપ અને નૃપકોપ બંનેનો આ જોડાને અનુભવ થાય છે અને શિક્ષા ભોગવવી પડે છે.

૨૧. આજે ઓચીંતાં રાજાએ કુંવરીને તેડવા દુત મોકલ્યો. કોઈ પરરાજ્યનો કુમાર ત્યાં આવ્યો હતો તેને વિવાહઅર્થે કુંવરીને બતાવવી હતી.

૧૨. કુંવરી રહેતી હતી તે મ્હેલ આગળ આવી દુતે બુમો

પાડી " ઓ બ્હેન, ઓ વિલસુબા રાજ્ય મંદિરે રાજાજી આપને આમંત્રે છે. " પરંતુ કોણ સાંભળે તથા કોણ બોલે. તે મ્હેલમાંથી કોઇએ જવાબ આપ્યો નહિ.

૨૩. વિલાસીકા આ વખતે સામેના વિનુવાળા મ્હેલમાં ગઇ હતી. શી ખબર ? કે ઓચીતો દુત આવશે અને સઘળી છુપી વાત જાહેર થઇ જશે. વિનુ તથા વિલુ–વિલાસીકા–બંને વિનુના મ્હેલમાં નર્મ નિર્દોષ ગોષ્ટી કરી રહ્યાં હતાં. દૂતે પાડેલી બુમો વિનુકાન્તે મ્હેલમાં રહ્યાં રહ્યાં સાંભળી હતી તેથી તે તરત વિલાસીકાને તે વાતથી વાકેફ કરે છે અને બહાર જઇ તપાસ કરવાનું કહે છે.

૨૪. વિલુસુ એકદમ ઝરૂખામાં આવે છે. બંને મ્હેલોની વચ્ચેની સડક ઉપર નીચે દુત ઉભો રહ્યો હતો તેને જોતાં જ તે ઘણી શરમાય છે. રાજ્યમંદિરનો અનુચર પોતાને આટલી બધી વાર લાગી તેથી સઘળી હકીકત રાજાને કહી દેશે એવું અનુમાન કરી વિલસુ અતિશય ડરે છે. પિતા પોતાપર રોષ ભરાશે એમ ધારી દીલગીર થાય છે.

૨૫. અરેરે રાજા આ વાત જાણશે તો શુંએ કરી નાંખશે હું હજુ કુંવારી છું. અન્ય પુરૂષના મ્હેલમાં જવું તે કેમ બને ? પિતા આ વાત જાણ્યા પછી મને જીવતી કેમ રહેવા દેશે. શીશી યુક્તિઓ રચીને હું તેને શાંત પાડીશ. અને તેમને મારા હૃદયની નિર્દોષતા બતાવીશ. આવી રીતે અનેક તર્ક વિતર્ક કરતી વિલસુ અનુચરની સાથે રાજ્યમંદીર તરફ જાય છે.

૨૬. રાજા તથા મેમાન થઇ આવી રહેલો પેલો કુંવર જ્યાં બેઠા છે ત્યાં અનુચર અને કુંવરી આવે છે. રાજા કુંવરને પોતાની કુંવરી બતાવે છે. પ્રાચીન સમયમાં આવી રીતે સ્વયંવરથી લગ્ન કરવાનો રિવાજ સાધારણ હતો. બીજા સ્વયંવરો કરતાં આ સ્વયં-વર જુદી જાતનો છે. બીજામાં કુંવરી પતિને પસંદ કરે છે પરંતુ આ સ્વયંવરમાં પતિ પત્નિને પસંદ કરે છે. તેથી ખરૂં જોતાં આ સ્વયંવર કહેવાય જ નહિ. કુંવરની મરજી હોવાથી પોતાના સ્નેહી-ઓની સંમતિ લેઈ રાજાએ વિલાસીકાનો આ કુંવર સાથે વિવાહ કર્યો. આ બાબતમાં વીલાસીકાની શી ઇચ્છા છે તે ધ્યાનમાં લેવામાં આવ્યું નહિ.

૨૭. વિવાહ નક્કી થાય છે. નહિ ભાગવાને બંને પક્ષ તરફથી દંડ પણ લેવામાં આવે છે. રાજા ઘણા સમયથી કુંવરી માટે વર શોધતો હતો પરંતુ આજે એકાએક જોઇએ તેવો મળી આવવાથી ખુશ થાય છે. ચૈતરી પુર્ણિમાનું લગ્ન લીધેલું છે. બંનેના ગ્રહો મળતા આવવાથી તથા તે દિવસ અનુકુળ આવવાથી તેને માંગલિક ગણી મુહુર્ત લીધેલું છે. વિવાહ વિષે સાંભળી બધાં ખુશ થાય છે. પરંતુ વિલાસીકા પોતે એકલી ખિન્ન થાય છે. પોતે પતિને પસંદ કરેલો નથી. તેણે તો ક્યારનોએ વિનુને પસંદ કરેલો છે પરંતુ તેનાં આપ્તજનો તેને તેમ કરવા દેવા ખુશી નથી. લગ્ન થયા પછી વિનુ સાથે કાંઈ સંબંધ રહેશે નહિ તે જાણતી હતી. પરંતુ તેના હ્રદયે તેને એવું સુચવ્યું કે તે બનાવ જીવના જોખમે પણ બનવા દેવો નહિ.

૨૮. અનુચરે વિલસુને વિનુના મ્હેલમાં દીઠેલી તે સઘળી

હકીકત રાજાને કહી દીધી. શા માટે કહી દીધી તેનું કારણ આપણે જાણતા નથી. કદાચ નૃપે તેને આટલી બધી વાર લાગી તે વિશે ખાનગીમાં પૂછ્યું હોય અને ધમકી આપી હોય તો તેણે સત્ય વાત કહી દીધી હોય. રાજા આવી નીચવૃત્તિ વાળી નીચ વાત સાંભળી ઘણો ખિન્ન થયો સાંભળતાં જ તે ઘણો કોપાયમાન થયો અને કુંવરીને તે બાબત સખત શિક્ષા કરવાનુ તેણે પોતાના મનમાં નક્કી કર્યું.

૨૯. રાજાના મનમાં હવે એમ આવ્યું કે કુંવરી હવે ઝાઝી વાર કુંવારી રહેશે તો કુળપર કલંક લગાડશે. લગનના હજુ કેટલાક દિવસ બાકી હતા. તે દિવસ આવતાં સુધીમાં તે હદપાર જશે એમ સમજી બનેને જુદાં પાડવા નિશ્ચય કર્યો. એક બીજાને જોઈ અગર મળી શકે નહિ એવી યુક્તિ રચી અને પોતે પણ કુંવરીનું લગ્ન થાય ત્યાં સુધી તેનું મુખ નહિ જોવાનું નક્કી કર્યું.

૩૦. કુંવરીના મ્હેલની ચારે બાજુએ ફરતી સખત ચોકી મુકી દીધી, તથા તેને જે જે જોઇએ તે સર્વ ચીજ પુરી પાડી મ્હેલ બ્હાર નહિ જવા દેવાનો હુકમ કર્યો. વિલાસીકા પોતાના મ્હેલમાં રાજ્યકેદી તરીખે રહેવા લાગી. પોતાના પ્રિય–હૃદય–વિનુનું તે મુખ પણ જોઈ શકતી નહિ. આથી તેની ઘણી જ દુઃખમય સ્થિતિ બની. પતીને સંભારી વારંવાર રૂદન કરવા લાગી. સખીઓ ઘણું સાંત્વન આપતી છતાં તેને લગીરે ચેન પડતું નહિ.

૩૧. પ્રધાનસુતને નગ્ર બ્હાર કાઢયો. અને ફરીથી નગ્રમાં તે આવી શકે નહિ તેવો સખત બંદોબસ્ત કર્યો. વળી નગરમાં

પણ એવો ઢંઢેરો પીટાવ્યો કે કોઇ માણસે વિનુકાન્ત સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખવો નહિ.

૩૨. એનાએ મ્હેલમાં રાખે તો કદાચ છાની યુક્તિઓ કરી એક બીજાને મળે અગર ઝરૂખામાં આવી એક બીજાનાં મુખ પણ જોઈ શકે. નૃપતિની મરજી એવી હતી કે બંને એક બીજાંને વિસરી જાય તેમ કરવું. અને તેજ હેતુથી વિનુને નદીને સામે કિનારે કેટલેક દુર આવેલા એક વિજન રાનમાં એક નહિ વપરાતું જુનું ઘર હતું ત્યાં સર્વ ચીજની સવડ કરી આવી વિનુને રાખ્યો તે મકાનની આસપાસ પણ તે જાણે નહિ તેમ છુપી ચોકી મુકી દીધી.

૩૩. રાજાએ આ બંને આશુક માશુકને આવી રીતે શિક્ષા કરી તેનું કારણ શું ? બંનેનાં લગ્ન કર્યા હોત તો તેને શી હરકત હતી. બાદ એટલો જ હતો કે રાજા ઉંચા કુળનો હતો અને પ્રધાનનું કુળ નીચું હતું. કુંવરી માટે મોટા મોટા રાજાઓનેત્યાંથી માગાં આવતાં હતાં તેને પાછાં કાઢતો હતો. તો પછી પ્રધાન પુત્ર સાથે લગ્ન કરે તો તેના મત પ્રમાણે તેની કીર્તિને ઝાંખ લાગે એ નિ:સંશય હતું.

૩૪. શર્વરી વિલાસીકાના શિયળનું તથા તેના દિવ્ય પ્રેમનું સર્ટિફિકેટ આપતી ન હોય તેવી રીતે પોતાના પતિ પ્રત્યે કહે છે કે ગમે તેવાં દુ:ખો આવે પરંતુ પ્રણયી હૃદયો તે સહશેજ. હૈયાં હળી ગયેલાં હોય છે તે ફરીથી અધીરાં બનતાં જ નથી. અને પોતાનો દિવ્યપ્રેમ તજતાં નથી. આ ન્યાયે શું વિલાસીકા પોતાના પિયુ વિનુકાન્તને ભુલી જશે ? તથા કોઇ પણ કાળે તેનું સ્મરણ કર્યા વગર રહેશે ? કદાપિ નહિ.

૩૫. હજુ છોને વધારે દુઃખો આવે. ધોડાના પુર જેવી મોટી રેલ ન આવે તથાપિ ઉંડાં રોપાયલાં દૃઢ તરૂવર લેશ માત્ર ડગી શકશે નહિ. અમારી ઈશ્વર રચીત નૌકા જે પ્રણયી હૃદયોની બનેલી છે તે નદીની રેલથી ધસડાવાની નથી તથા સમુદ્રના ખડકોથી ભાગી જવાની નથી. શર્વરી ધન્ય છે તારી વિલાસીકાને !

૩૬. વિનુ તથા વિલસુએ રાજાને ઘણા શ્રાપો દીધા. કેમ ન દે ? આપણને સ્હેજ કામની અંદર હરકત કરનારને આપણે કેટલી ગાળો દેઈએ છીએ તો પછી વિનુ તથા વિલસુ તેમનાં હળેલાં હૈયાં જુદાં પાડવાની કોશીશ કરનાર રાજા કરણસિંહને દોષ કેમ ન દે ? અરે ઉંચ કુળનું અભિમાન ધરાવનાર રાજા તારે જ લીધે આ પ્રેમી જોડું આજે ખંડિત થયું. વિલાસીકા સખત પણ લેછે કે ગમે તેમ થાય છતાં બીજા કોઈ પણ પુરૂષ સાથે લગ્ન કરવું નહિ. એકને વરી ચુકી છે તે હવે બીજાને શી રીતે વરે ?

૩૭. અતિશય છાની યુક્તિઓ કરી. દુતોને ધન આપી ફોડયા. અને બંનેને એક બીજાના પત્રો મળે તેવી યુક્તિ રચી. દુતોને આ સઘળું છાનું રાખવાનું કહ્યું. આ સંસારમાં પૈસો ઘણી ઉમદા ચીજ છે. માણસ જે ધારે તે તેનાથી કરી શકે છે. મોટા મોટા અમીર ઉમરાવો પણ લક્ષ્મીથી લોભાય છે તો પછી આ ગરીબ દુત લોકો તેથી લોભાય, તેમાં કાંઇ નવાઈ નથી.

૩૮ બંનેજણ અરસપરસ પોતાનાં પ્રિય હૃદયોને દુઃખની અંદર શાન્તિ મળે તે હેતુથી પ્રભુપર વિશ્વાસ રાખી નવી આશાઓ બાંધતાં કાગળો લખે છે. પોતાના ઉદ્ગારો દર્શાવે છે. આ-

શાઓ કેમ ન બાંધે ? તેઓ બાંધે છે પરંતુ તેમની જીવનદોરી ઘણી ટુંકી છે તે તેઓ કયાં જાણે છે ? ઈશ્વર સિવાય તે જાણુવાને કોઇ સમર્થ નથી.

૩૯. પ્રભુએ તો એમ જ નિર્માણ કર્યું છે કે તેઓએ તેની સાથે રહી ભક્તિ કરવી. અન્યોઅન્ય પ્રેમ રચવાને નહિ પરંતુ ઇશ્વર ભક્તિ કરવાને તેઓ સરજાયલાં છે. અરે વિલાસીકા અને વિનુકાન્ત, તમારે બંનેએ ધાર્મિક જીંદગી ગાળવાની છે. તમારા સઘળા લ્હાવા દુનિયાની રીતભાતની બ્હાર છે. નદી તટપરે એક પૂર્ણ કુટિકા બાંધી ત્યાં રહેજો અને રઘુપતિના ગુણ ગાજો. કરણુસિંહના આવા રાજયગૃહમાં તમને સુખ મળવાનું નથી. શર્વરી આ પ્રમાણે પતીને આગળથી વાત જણાવી તેને સાંભળવાને આતુર કરે છે.

૪૦. બાપડી વિલસુના લગ્ન દિવસો પાસે આવવા લાગ્યા. દિવસો પાણીના પુરની પેઠે વહેવા લાગ્યા. લગ્ન માટે રાજય તરફથી તડામાર તૈયારીઓ થવા લાગી. આખરે લગ્નનો દિવસ પણ આવ્યો, અને તે દિવસે સાંજે કરણુસિંહનો જામાતૃ પોતાના પુરથી જાન લઇને આવ્યો. વિલસુના નશીબનો છેડો આવી ગયો.

૪૧. છેવટે ગાંડી વિલસુએ કઠણ હઠ લીધી. ઘરડાંઓના વીચાર પ્રમાણે પરણવાનું ના કહે છે તેથી વિલસુ ગાંડી. પિતાને સંબોધન કરી કહે છે કે હે પિતાજી ગમે તેમ થાય પરંતુ મારે આ જગતમાં પરણવું નથી. જો તેથી ઉલટું કરશો તો તિક્ષણ છરી મારા ગળામાં ભોંકી પ્રાણ કાઢીશ. પિતાજી મારૂં લગ્ન બળાત્કારે કોઇ સાથે કરશો નહિ.

૪૨. પિતા મારી ઈચ્છાથી જો વિરૂદ્ધ વર્તન કરશો તો ખરેખર હું મરી જઈશ. પવિત્ર તાપી નદીમાં જળપાત કરીશ. મારે નહિ પરણવું હશે તો તમે શું કરીં શકશો. તમારે મને પરણાવવી જ હોય તો વિનુને તેડાવો અને તેની સાથે ખુશીથી લગ્ન કરો. એજ મારી આપ પાસે માગણી છે તે આપ પુરી પાડો.

૪૩. નાના. મને તો મારા ઉરનો-હૃદયનો વિનુકાન્ત જ આપો. તેના વિના ઘડી ચાલે તેમ નથી. હું તેને કયારનીએ વરી ચુકીછું. બાર માસ વીતી ગયા. મારો આત્મા તેના વિના મારા શરીરમાં ટકી શકશે નહિ. ભલે મારાં વચન સાંભળી આપ ગુસ્સે થાઓ. મેં આપની ઈચ્છાથી વિરૂદ્ધ કર્યું છે માટે હું ગુન્હેગાર તો છું જ. મારૂં શિર છેદી હે પિતા પછી આપ રડજો. પશ્ચાતાપ કરજો.

૪૪. રાજા કુંવરીની આવી વાત સાંભળી તેને કહે છે બેટા વિલુ, તારી ગાંડી હઠ છોડી દઈ વિનયથી મારી વાત કબુલ કર. હું મોટો રાજાછું, અને મારી કુંવરી નીચ પ્રધાનસુતને પરણી શકે કે ? આપણુને આપણું કુળાભિમાન હોવું જોઈએ. કુળની આબરૂ રાખવી જોઈએ. અને તે તારા આ કૃત્યથી ઘટે તેમ છે?

૪૫. વિલાસીકા પિતાને શિખ આપતી હોય તે પ્રમાણે કહે છે કે પિતા, આતે તમે મને કેવો ઉપદેશ આપોછો. તે ગર્વભરેલો ઉપદેશ મને નિરૂપયોગી છે. ઉંચ કુળનો ગર્વ શા સારૂ કરવો. તેનો તમે જલદીથી ત્યાગ કરો. શું પ્રેમી પ્રણયી હૃદયો કુળ જોવા બેસશે ! કુળ જોઈને પ્રેમ બાંધશે ! સતિના શા ધર્મ છે ? તે ધર્મો પાળવા તે મારૂં કર્તવ્ય છે, અને તે ન્યાયે કરીને હું કદી અન્ય પુરૂષના સામુ કુદષ્ટીથી

જોઇ શકવાની નથી. એક જણને અર્પેલું હ્રદય બીજાને કેમ અર્પાશે.

૪૬. પિતા સાચું માનો. લેશમાત્ર પણ મારૂં કહેવું નિરર્થક ગણશો નહિ. સુર્ય તથા ચંદ્ર જમીનપર આવી વસશે; સમુદ્રો ખારાશ તજશે અને કદી આખું જગત મારે માટે પ્રલય થતું હશે પરંતુ હું મારો દઢ નિશ્ચય કદી ફેરવનાર નથી. જેમ ઉક્ત દષ્ટાંતો બનવાં અશક્ય છે તેવી જ રીતે મારૂં પણ ડગવું તે પણ અશક્ય છે. તે તમે નક્કી સમજજો.

૪૭. પિતાએ પુત્રીનાં આવાં માર્મિક વચન સાંભળી મનમાં તેની પ્રશંસા કરી અને પછી કુંવરી તેનો ટેક કદી તજશે નહિ તેમ સમજી પ્રભુ પ્રત્યે ઉદ્દ્ગાર કાઢે છે કે હે પ્રભુ મારી વિલસુની નાડીઓમાં ખરી ક્ષત્રાણીનું રૂધિર વહે છે. વિલસુ તારી પવિત્રતા જોઇ મારા હ્રદયમાં અતિ હર્ષ ઉપજે છે.

૪૮. વિલસુ પ્રત્યે કહે છે. બેટા વિલસુ તું એમ ન સમજતી કે આ તારો પિતા દુસ્મનોઅર્થ સારવા બેઠો છે. હમેશાં તારૂં શુભ ઇચ્છનારો તારો પિતા છું. તારી ઇચ્છાથી વિરૂદ્ધ મારાથી વર્તન થઈ શકશે નહિ. શું તારા સ્વાર્થ માટે હું વિચાર નહિ કરૂં ? ભલે દ્વેષી અને વેરી પુરૂષો મારી નિરંતર નિંદા કરે પરંતુ તારી મરજી વિરૂધ હું કાંઈ કરનાર નથી.

૪૯. બેટા જોજે તું સાહસ કરી તારૂં જીવન એકદમ ટુંકું કરીશ નહિ. તાપીના કિનારે જઈ જોજે જળપાત કરતી. તારી સર્વ આશાઓ પરિપુર્ણ કરીશ. તું નક્કી મારાપર વિશ્વાસ રાખજે.

૫૦. પિતા પુત્રી આવી રીતે વાતો કરી રહ્યાં છે. તેવામાં

મ્હારથી તે ખંડમાં કોઇ દુત ચીઠી લઇ આવે છે. તે વિલસુને ચીઠી આપવા જાય છે. રાજા દુત પાસેથી ચીઠી લેછે. દુત વિદાય થાય છે. રાજા ચીઠ્ઠીમાં વિનુના અક્ષરો જુએ છે. પત્ર પુરો વાંચે છે.

૫૧. રાજા ચીઠી વાંચી ચકીત થાય છે. તેને અતિશય નવાઇ લાગે છે. આખરે 'અરરર' શબ્દો નિશ્વાસ સાથે ઉચ્ચારે છે. ચીઠી વિલસુના હાથમાં આપી પોતે પોતાને મ્હેલે ચાલ્યો જાય છે. કુંવરી એકલી રહી પત્ર વાંચે છે.

૫૨. પિતાના ગયા પછી વિલસુ તે ચીઠી લે છે. ઉરસાથે ચાંપે છે અને પછી વાંચવી શરૂ કરે છે. વાંચતાંજ એકદમ બેભાન થઈ જમીનપર પડે છે. "વ્હાલા પિયુ અરે શું તમે મને હવે છોડી" આજ શબ્દો મુખમાં રહ્યા અને મુર્છાવશ થઇ ગઇ.

૫૩. વિલાસીકા જમીન પર પડતાં થયેલા અવાજથી તથા છેવટના તેના ભાગ્યા તુટયા શબ્દોના સ્વરથી મ્હેલની દાસીઓ એકદમ દોડી આવી. એક જણી વિલસુનું માથું ખોળામાં લેઈ પંખાવતી પવન નાંખવા લાગી. અને બીજી રાજા તથા રાણીને આ વાતથી વાકેફ કરવાને રાજ્યદ્વારે ગઈ.

૫૪. રાજા રાણીને આ વાત સાંભળી પેટમાં ફાળ પડી. તેઓ તરત બીજાં આપ્તજન સાથે કુંવરીના મ્હેલે દોડી આવ્યાં. રાણી તેને ખોળામાં લઈ જળ વિગેરે પાઇ તેને શુદ્ધિમાં આણવાનો પ્રયત્ન કરવા લાગી. વિલુ, બ્હેન વિલુ, શું થયું છે ઈત્યાદિ બુમો પાડી. હરેક ઉપાય કરી છેવટે કુંવરીને જગાડી. કુંવરી શાથી માંદી થઈ હતી તથા તેનું ખરૂં દુઃખ શું હતું તે રાજા સારી પેઠે જાણતો

હતો તેથી મનમાં સમજી બેસી રહ્યો.

૫૫. છેવટે રાજાએ કુંવરીના મ્હેલમાંથી સર્વને બ્હાર જવા કહ્યું. બધાંના બહાર ગયા પછી એકાંતમાં રાજા કુંવરીને દિલાસો આપે છે. તેને કહે છે બ્હેન વિલસુ કર્મ દુ:ખ જે આવી પડે તે સઘળાં સ્હેવાં તે આપણું કર્તવ્ય છે. જોને તારા લગ્નમાં કેવાં વિઘ્ન આવી નડે છે.

૫૬. બ્હેન તારા હૃદયમાં શાન્તિ રાખજે. ધીરજ ધરજે. જુદા જુદા દેશોમાં હું વિનુની શોધ કરવા દૂતો મોકલીશ. પ્રભુ ઇચ્છાથી તે પાછા આવશે તો હું તારાં લગ્ન તેની સાથે કરીશ. નક્કી તેમને મારા જામાતૃ કરી સ્થાપીશ. વિનુકાન્તને જામાતૃ કહી રાજાએ કુંવરીને પોતાનો દૃઢ વિચાર જણાવ્યો.

૫૭. કુંવરીનાં લગ્ન બંધ રહે છે. આવેલા સર્વ મ્હેમાનો સગાં સંબંધીઓ તથા જાનવાળા સૌ પાછા જાય છે; રાજા સર્વને લગ્ન બંધ રાખવાનું કારણ કહે છે કે મારી કુંવરી અતિશય માંદી થઇ ગઇ છે માટે તે સાજી થયા પછી પ્રભુ ઇચ્છાથી ફરીથી તેના લગ્નનો આરંભ કરીશ.

૫૮. અહીંથી વાત બદલાય છે. વિલાસીકાને માંદી મુકી હવે વાંચનારનું ધ્યાન વિનુકાન્ત તરફ દોરવામાં આવે છે; વિનુ અરણ્યમાં આવેલા મ્હેલમાં કેદી તરીખે પોતાનાં દિવસો ગુજારે છે. જે દિવસે કુંવરીનાં લગ્ન થવાનાં હતાં તે દિવસની તેને ખબર મળી હતી. જાન આવ્યાની વાત પણ તેને દૂતોએ કરી હતી, અને આજ રાત્રીએ વિલાસીકા પરણશે તે વાત સાંભળી તેનું દુ:ખી હૃદય

ભરાઈ આવે છે. અને વિલાસીકાની હવે આશા મુકે છે. પ્રિય હૃદયથી તજાયલા હૃદયને આથી વિરાગ ઉત્પન્ન થાય છે.

૫૯. આ જગત માયાનું ભરેલું છે તેનું તેને હવે ભાન આવે છે. માયા જતી રહે છે એટલે સર્વ સુખનો નાશ થાય છે. પ્રેમ બંધન તેને તદન નિરર્થક ભાસ્યું. વિલાસીકા તેના પતિને ત્યાં જઇ રહેશે. અને નવા સંસાર જાળમાં ગુંથાઇ મને ભૂલી જશે. માટે હવે આજથી હું પણ તેને વિસરવા માંડુ. હવે તેની સાથે સંબંધ રાખવો તથા તેના નામનું પણ સ્મરણ કરવું અયોગ્ય છે.

૬. આવા અસંખ્ય વિચારો કરી છેવટે વિલાસીકાને પત્ર લખવાનો નિશ્ચય કરે છે. પત્ર લખે છે અને દુ:ખી અંત:કરણે તે વિલાસીકાપર મોકલે છે. તે પત્રની મતલબ નીચે પ્રમાણે છે. વિલસુ આજે સાંજે તને તારા પિતા પરણાવશે તે શાંતી ધરી સહજે. આ વિનુનો તારા હૃદયમાંથી હવે હમેશને માટે ત્યાગ કરજે; અને સંસારમાં પડી સંસારના સઘળા લ્હાવા તું ભોગવજે.

૬૧. તારા હૃદય પ્રત્યે રખેને ક્રુર થતી. શોક સાગરમાં પડી ગત વસ્તુને કાજે નિરર્થક શોક કરી તારા અંત કરણને તથા શરીરને કષ્ટ આપતી નહિ. માત પિતાની આપણાપર જે જે આજ્ઞાઓ થાય તે સઘળી આપણે પોતાની ફરજો સમજી પાળવી જોઇએ. તું પોતે સ્વાર્થી બની તારા પિતાની આજ્ઞાનો કદી ભંગ કરતી નહિ.

૬૨. હું તો ગંગાનદીના કિનારાપર જઇ સાધુ સંતોના મઠમાં પડયો રહીશ અને ત્યાં પ્રભુની નિશ્ચલ મનવડે ભક્તિ કરીશ. મારા દુ:ખી હૃદયને હવે જગતમાં રહેવું ગમશે નહિ. પ્રભુના પુજ્ય ચર-

ણુમાં જઇને રહેવું એજ સારૂ. મારૂં શ્રેય ફક્ત ત્યાંજ રહ્યું છે.

૬૩. પ્રભુએ આપણે કાજે કોણ જાણે શું એ નિર્માણ કરી મુકયું હશે. પ્રભુની ઈચ્છાથી આપણે વિરૂદ્ધ કાર્ય કરવા આરંભ્યુ તેમાં કેમ ફતેહ મેળવી શકીએ. વિલાસીકા, એ તો સત્ય વાત છે કે કદી પ્રભુની ઇચ્છા વિરૂદ્ધ કાર્ય બનવા પામશે નહિ. હમેશાં પ્રભુના નિર્માયલાં કામો નિપજે છે.

૬૪. આપણાપર જે સુખ દુઃખ આવી પડે છે તે સૌ પ્રભુની ઈચ્છા વડે સમજવાં. પ્રભુની ઇચ્છા ન હોય તો સુર્ય ચંદ્ર આકાશમાં ઉગી શકે પણ નહિ. પ્રભુએ જો અચળ સુખ આપ્યું તો તે તેના ઉપકાર માની ભોગવવું. અને જો કદાચ દુઃખ જ આપ્યું હોય તો પણ તે માથે ધરીને વેઠવું. ઇશ્વર કૃતિ અકળ છે.

૬૫. આપણે જે જે સુખો–ભોગવિલાસ–નિર્દોષ ક્રીડાઓ કરી અનુભવો લીધા છે તે શું હું ભુલી જઇશ? ના. તે દિવસો મને હમેશાં મારી આંખો આગળ તરી આવી મને ચીઢવશે. તું મારી હતી અને મારૂં હ્રદય તું તારૂં જ ગણતી. અરેરે તે સ્થાને આ શું બનવા પામ્યું. તું ખરેખર અન્ય જનની બની?

૬૬. તું અન્યની બને તે મહારાથી કેમ નિરખી શકાય? આ નગ્રમાં હું હયાત હઉં અને તારૂં લગ્ન અન્ય સાથે થાય તે કેમ બનવા પામે. આજથી હું તારા જગતની બ્હાર જઉછું આ માયિક સંસારનો–સ્વાર્થી દુનિયાનો ત્યાગ કરૂંછું. આ સઘળો ભવસાગર–સંસારસાગર મને તો ખારો–નિરર્થક–નિર્માલ્ય લાગે છે તેમાં મ્હારે હવે રહેવું તે બીલકુલ ઇચ્છવા યોગ્ય નથી.

૬૭. વિલાસીકા હવે તો મેં ભરથરીના સરખો ભેખ લીધો એમ માનજે. માતપિતા મિત્રો વિગેરે સર્વેને મે ત્યાગ્યાં. રાજાજીને કહેજે કે હવે તમે વિનુકાન્તથી નિર્ભય રહેજો. તમારા નગ્રથી તો બાતલ થયો હતો પરંતુ હવે તો આખા જગતથી બાતલ થયો. ભોળાં પ્રણયી હૃદયોના નિશ્વાસ લઈ તું તારી આશા પાર પાડેલી જોઇ ગર્વિત બનજે.

૬૮. વિલાસીકા તું સત્ય માર્ગે—નીતિ માર્ગે ચાલજે. સંસારમાં પડયા પછી મને સંભારવો પણ અયોગ્ય ગણાશે. પવિત્ર મન રાખી ખરૂં શિયળ પાળજે અને તું સતિ નિવડજે. આજથી હું તારો કાંઈ સગો—સંબંધી નથી. મને તારા હૃદયમાંથી નક્કી વિસારજે.

૬૯. આપણી ભવિષ્યની બાંધેલી આશાઓ અને ઇચ્છાઓ સૌ દરિયામાં નાંખજે. [સુરતની નજદીકમાં જ દરિયો છે તેથી તે દરિયામાં નાંખવાનું કહે છે કે તે હવે અગાધ જળમાં ડુબી જમીનના તળીયે બેસે] મારે માટે કાંઈ પણ પ્રેમ રાખતી નહિ. મારે માટે જે પ્રેમ રાખતી તેના કરતાં બમણો તારા પતિ પ્રત્યેરાખજે. હું તો હવે સાધુઓનો અતીથિ થયો. જ્યાં જઇશું ત્યાં રહીશું. અને જેમ બનશે તેમ સરળતાથી જીંદગી ગાળીશું. જેવી ઇશ્વરેચ્છા. તે સદાબળવાન છે. ઇશ્વરના હુકમો પામર મનુષ્યથી તોડી શકાય તેમ નથી.

૭૦. વીલુ તું તારી મેજે સુખી થાજે, અને સંસારીના સઘળા લ્હાવા લેજે. સંસારમાં રહ્યા પછી સંસારના ધક્કા ખાવા તેમાં જ કર્તવ્ય છે. પરંતુ સંસારમાં જ ફક્ત લીન થઈ વીનુને

છેક વીસરી જતી નહિ. જ્યારે તારાપર આપ્પતી આવે ત્યારે મારૂં સ્મરણ કરજે. અને પ્રભુ તને તે આફતોમાંથી બચાવશે. "

૭૧. ઉપર પ્રમાણેનો વીનુકાંતનો પત્ર હતો. આ પત્ર રાજાએ પુર્ણ વાંચ્યો હતો અને તેથી તેણે અનુમાન કર્યું હતું કે વીનુકાંત સર્વને તજી ચાલ્યો ગયો. દુઃખના લીધે સાધુનો વેશ લીધો હશે અને વીજન જંગલની અંદર એમને એમ નીરાધાર નાસી છૂટયો હશે.

૭૨–૭૩. જો કે પારકા મુલકોમાં દુતો મોકલાવી અત્યંત ભાળ કઢાવી તથાપી કોઇ પણ જગાએ તેનો કાંઈ પત્તો લાગ્યો જ નહિ. મંદીરોમાં, મઠોમાં, શીવાલયોમાં, નદી કાંઠે આવેલાં સઘળા દેવસ્થાનોમાં સઘળે શોધ કરાવી. ગુફાઓ, પર્વતના શ્રૃંગો શહેરો, ગામડાંઓ, યાત્રાનાં ધામો; તથા દેશાંતરોના ધ્વિપો વીગેરે સર્વ સ્થળોએ શોધ કઢાવી–તેને હવે કોઇ જગાએ સોધવાનું બાકી રહ્યું નહિ.

૭૪. વીલસુ કુંવરીને તેનો પીતા નીત્ય તેના રહ્રદયને શાન્તી આપવા દીલાસો આપે છે. નવી નવી આશાઓ આપી દીવસો વીતાવે છે. ઘણા દીવસ વીતી ગયા વર્ષ–એ વર્ષ વીત્યાં છતાં કોઇ પણ જગાએથી વીનુની શોધના શુભ સમાચાર આવ્યા જ નહિ. તેથી વીલસુના દુખી હ્રદયને જે આશા હતી તે પણ ગઇ,

૭૫. પતી જડશે, અને ફરીથી તેમનો સંબંધ થશે. એ આશા ઝાઝી મુદત ટકી નહિ. પીતા જે ધીરજ આપતો તે ધીરજની અવધી આવી રહી. વીલસુને હવે તો એમજ લાગ્યું કે

તેમણે મારે કાજે જગત તજ્યું તો મારે પણ તેમના કાજે સંસારનો ત્યાગ કરવો. જગત ક્રુર છે–કૃતઘ્ની છે એમ તેને લાગ્યું. આવા જગતથી દુર વસવું યોગ્ય છે એમ એણે માન્યું.

૭૭. પતીએ શું મારા માટે વનના વીકટ માર્ગો ઝાલ્યા. મતલબી તો નહિ બન્યા હોય. કે પોતાનો જ સ્વાર્થ સાધી એકલા નાસી છુટયા. હવે મારૂં શું થશે. એમના વગર હું શી રીતે જીવી શકીશ. પીયુ વીનુકાંત વીના મારા નબળા દીવસો કેમ વીતશે. પોતાને વીધવા–વસ્થામાં આવેલી સમજી આ પ્રમાણે કલ્પના કરેછે.

૭૭. પીયુનું અચીંતુ સ્મરણ થવાથી તેને સંબોધન કરી કહે છે પીયુ ઘડી તો આવીને આ તમારી વીલસુ વધુને મળી જાવ. આપની ઇચ્છા વનમાં જ રહેવાની હોય તો હું ત્યાં તમારી સાથે રમવા આવું. આ સંસાર તમારા વીના સર્વ દુઃશમન સરખો લાગે છે તમને સોધવાને હું પૃથ્વીની આવડી મોટી સપાટીપર કયાં ભટકું.

૭૮ મને તમારી સાથે લ્યો તો શી હરકત છે. ત્યાં આવી હું આપની સેવા કરીશ દ્રોપદી, સીતા તથા દમયંતી આદી સતીયો માફક હું આપની સેવ કરવામાં પાછળ નહિ પડું. તમારે ઇશ્વર ભક્તી કરવી હોય તો ભલે કરજો. મને સાથે રાખી કરજો તે કાર્યમાં પણ હું ઉલટી મદદગાર નીવડીશ. તમારા વીના અહીંયાં મારૂં રક્ષણ કોણ કરશે. પીયુ સાચું માનજો કે તે તમારા વીના મારા દેહમાં પ્રાણાત્મા ટકી રહી શકે તેમ નથી.

૭૯. આ પ્રમાણે નીત્ય વીલસુ રૂદન કરે છે. સખીયો શાંતી આપે છે છતાં રહૃદયમાંથી પીયુનું વીસ્મરણ થતું નથી.

૮૦. એક દીવસે કુંવરીના મહેલના દુતો રાજા સમીપ જઇ ફરીઆદ આપે છે કે આજ મ્હેલમાં વિલસુ બ્હેન જણાતાં નથી. આ વાત નગ્રમાં પવન માફક ફરી વળી અને સર્વેએ એમ માન્યું કે કુંવરીએ આપઘાત કર્યો હશે.

૮૧. ઓચીંતી અદ્રશ્ય થયેલી તેથી શહેરનાં લોક જુદા જુદા તુરંગ બાંધવા લાગ્યા. કોઇ કહે નદીમાં પડીને મરી ગઇ હશે કોઇ કાંઇને કોઈ કાંઈ તુરંગ બાંધે છે. તેના માટે પણ સોધ કઢાવી પણ જીવતી કે મુવેલી તે કાંઈથી મળી શકી નહિ અને આખરે તે નક્કી મરી ગઇ હશે એમ સર્વને માનવું પડયું.

૮૨. વિલસુને મરી ગયે પણ દીવસો વીત્યા અને દીવસો વીતવાથી સૌ તેને પણ ભુલ્યાં. રાજા રાણીને વિલસુ એકની એક કુંવરી હોવાથી અંત્યત મનનો કલેશ થયો. રાજાએ તેની પાછળ અનેક પુન્યદાન કર્યાં તથા ધર્મ પ્રમાણે જે જે વીધી કરાવવી જરૂર હતી તે સધળી વીધી કરાવી.

૮૩. હવે વીનુ શું કરે છે તે જોઇએ. વીલાસીકાના લગ્ન દીવસે સાંજરે સુરત નગરીને વંદન કરી ચાલ્યો ગયો. મારા હવે આ સુરતને છેલ્લા નમસ્કાર છે. દીવસે દીવસે ચાલે છે અને રાત્રીએ ઝાડ તળે અગર એવી કોઈ જગાએ આરામ લે છે. અને એવી રીતે તેનો માર્ગ કાપતો તે આખરે કેટલાક દીવસો વીત્યા બાદ ભ્રુગૃપુર ભરૂચ શહેર સુધી આવ્યો.

૮૪. ભરૂચથી નર્મદા કીનારે થઇ રેવાંજી આગળ શીવ ધર્માચાર્યોની ગાદી હતી તે સ્થળપર ગયો. ત્યાંના મઠમાં જઈ ગુરૂને

મળ્યો અને તેમની પાસેથી પોતાને દીક્ષા લેવી છે તે બાબત જલદી કહી દીધી (લાંબો વીચાર કર્યા વગર) ગુરૂજીએ દીક્ષા આપી અને વીનુ ત્યાં સાધુ થઇને મઠમાં રહ્યો. નીરંતર પોતે ત્યાં જ રહેવું એમ મન સાથે નક્કી કરી ગુરૂ પાસે શીષ્ય થઈ રહ્યો.

૮૫ બીજા સાધુઓના ભેગો તેપણ સાધુ થઇને રહ્યો છે. ગુરૂજીના મુખ્ય શીષ્ય તરીખે તેને નક્કી કરવામાં આવ્યો છે. મ્હોંનો મ્હેરો સર્વ રીતે ફરી ગયો છે કે એટલે સુધી કે તેને કોઇ ઓળખી શકે જ નહિ. શરીર પણ હ્રદયની અંદર રહેલા દુખના લીધે શ્યામ પડી ગયું છે. નીત્ય ચીંતામાં રહેવાથી શરીર જીર્ણ થઇ જાય છે તેમ શ્યામ પણ પડી જાય છે.

૮૬ મઠમાં રહ્યો છે ત્યાં બીજા સાધુઓની સાથે તેપણ નીત્ય સવારમાં ઉઠીને વનમાં લાકડાં લેવા જાય છે. અને પોતાના શીર પર મુકી કાષ્ટની ભારી લાવે છે. તેમજ ફળ, ફળાદીક, પત્ર પુષ્પો વીગેરે પણ લાવે છે. રેવાંજીનું—નર્મદાનું પવીત્ર નીર પણ ગુરૂની સેવા કરવાના અર્થે કાવડમાં ભરી મઠમાં લાવે છે.

૮૭ આવી રીતે નીત્ય તે ગુરૂની બરદાસ લે છે અને તેના બદલામાં ગુરૂ તેને રાત્રીએ નીતીબોધ આપે છે. મનુસ્મૃતી, શ્રુતી, ભાગવત, પુરાણ વીગેરે સઘળાં ધર્મ પુસ્તકોનો તેણે અભ્યાસ કર્યો. તથા વેદાંત અને પ્રભુની ભગવદ્‌ગીતા તથા અર્જુન ગીતા વીગેરે ગીતાઓનું રહસ્ય સમજવા લાગ્યો.

૮૮ અભ્યાસમાં આગળ વધતાં તેનું જ્ઞાન પણ ધીમેધીમે વધવા લાગ્યું. ગુરૂજી પાસેથી સકલ શાસ્ત્ર તે શીખ્યો, ગુરૂએ તેનું

આટલું બધું જ્ઞાન જોઇ પોતાની પાછળ તે ગાદીપર આવે તો સારૂં એમ વીચારી બીજા શિષ્યોની સંમતી લઇ તેને મુખ્ય ચેલો નીમ્યો.

૮૯ હવે તો તેને લાંબી જટા રાખવી પડી અને સંન્યાસીના વસ્ત્ર પહેરવાં પડયાં; સગા સંબંધીઓ તેને તદન વીસ્મૃત થયાં તેમજ આગલી જીંદગીનાં સુખ કે દુખ તે તેને હાલ કાંઇ સાંભરતું નથી.

૯૦ આ પ્રમાણે વિનુકાંત પોતાના દીવસો વીતાવતો હતો તે દરમીયાનમાં એક દીવસે ત્યાંના ગુરૂપર કરણાવતી નામના નગરમાંથી પત્ર આવ્યો. તેમાં એવી બીના લખી હતી કે ત્યાંની ગાદીના ગુરૂ મર્ણ પામ્યા છે અને ત્યાંની ગાદી ગુરૂ વગરની ખાલી પડી છે.

૯૧. અહીંયાના (રેવાંજીના) મઠના સાધુઓની કરણાવતીમાં શાખા તરીકેની ધર્મગાદી હતી. ત્યાંના ગુરૂ અહીંથી નીમાતા અને અહીંનો મુખ્ય શીષ્ય હોય તે ત્યાં ગુરૂ થઇને જતો. આ પ્રમાણેનો પરંપરા રીવાજ ચાલ્યો આવ્યો હતો.

૯૨. મોટા ગુરૂએ એટલે રેવાંજીના મઠના ગુરૂએ મનમાં વીચાર્યું કે હવે કર્ણાવતીની ગાદીપર હું કોને ગુરૂ તરીકે નીમીને મોકલું: ઘણા ઘણા વીચાર કર્યા પછી તેમને ત્યાંની ગાદીપર વીનુને મોકલવાનું યોગ્ય લાગ્યું.

૯૩. ત્યાં જવાને વીનુ જ ફકત લાયક હતો. તેણે સર્વ ધર્મ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. વીનુ ત્યાંની ગાદીપર જશે તો ગાદીને દીપાવી શકશે ખરો.

૯૪ વીનુને બોલાવીને પુછયું કે વીનુકાંત તમે ત્યાં જશો.

મારો વીચાર તમને ત્યાંના અધ્યક્ષ નીમવાનો છે. ત્યાંની ગાદીના આચાર્ય મરણ પામ્યા છે અને તે જગાએ મેં તમને ગુરૂ તરીખે નીમ્યા છે.

૯૫ ત્યાં સાધુઓ તેમ જ સાધ્વીઓ મંદીરની જગામાં રહે છે. જે પ્રમાણે આપણા આ મઠની ગોઠવણી છે તેજ પ્રમાણે ત્યાંની પણ વ્યવસ્થા રાખી છે. દીવસે, રાત્રે નીત્ય કથા કરજો અને તમારા દીવસો આનંદમાં વીતવજો.

૯૬ ગુરૂનાં આ વચન સાંભળી વીનુકાંત વીનય પુર્વક કહે છે મહારાજ આપનો હુકમ જે હોય તે શીરપર. આપની આજ્ઞા હોય તો હું નક્કી ત્યાં સીધાવીશ. આપની સલાહ મુજબ નીત્ય ત્યાં રહીશ અને પ્રભુ ભક્તીમાં મારા દીવસ વ્યતીત કરીશ. મને તેમાં કોઇ પણ જાતની હરકત નથી.

૯૭ હવે વીનુ કરણાવતી નગરીમાં અધ્યક્ષ નીમાઇને જઈ રહ્યો અને ત્યાં સાધુઓની સાથે ધર્મ પાળતો નીત્ય જીંદગી ગુજારે છે. કરણાવતીમાં આ મઠ સાબરમતીના કીનારપર આવી રહ્યો છે અને તે કાંઈ શહેરથી વધારે દુર નથી. નદી અને શહેરની વચમાં આવી રહયો છે.

૯૮ આ મઠમાં રોજ સવારે તથા સાંજરે ઇશ્વિર કથા થતી અને શહેરની નજદીકમાં જ હોવાથી નગ્રના ધણા લોક કથા સાંભળવાને સારૂ આવતા. સાધું લોક પ્રત્યે વીનુકાન્ત કથા કરે છે અને મઠના સાધુઓ તથા સાધવીઓ આ કથા નીત્ય શ્રવણ કરતાં.

૯૯ હવે ‘હણે સુરત નગરમાંથી વીલાસીકા અદ્રસ્ય થઇ છે તે ખરી રીતે મરણુ પામી નહતી, પણુ પોતાના પતીની શોધ કરવા સારૂ વીકટ જંગલની અંદર વીનુકાંતની પેઠે તેની સાથે ફક્ત એકજ સખી રાખીને નાસી છુટી હતી. પતિને શોધવા સારૂ તેણે પોતાનાં પ્રીય માતપીતાને પણ તજ્યાં. સખી અને વિલસુ જંગલોના વીકટ માર્ગ કાપતે કાપતે મુસાફરી કરે છે.

૧૦૦ વીલાસીકાએ સઘળી જગ્યાએ પોતાના પીયુશને ખોળ્યો. તથાપી પોતાના હ્રદયની અંદર તેની કાંઇ આશા જણાઇ નહિ. પછી પોતે કંટાળી ગઇ અને એવું તપ કરવાનું નકી કર્યું કે હવે તો બાકીની જીંદગી ભક્તીમાં જ લીન થઇ ગાળવી.

૧૦૧. આ જન્મની ફોગટ જીંદગી ઝટપટ પુરી કરી નાંખું. અને પછી આવતા જન્મમાં એજ પીયુ માગું હવે આ સંસારમાં રહી પીયુના વગર સુખ લેવાં તે શા કામનાં. એમણે મારા કાજ જગત તજ્યું અને હું તેમના માટે ના તજું તે કેવું અયોગ્ય ગણાય.

૧૦૨ મુસાફરી કરતી વીલાસીકા કરણાવતી નગરીમાં આવી ચઢી અને ત્યાં જે મઠમાં વીનુકાંત ગુરૂ થઈને રહયો છે. તે મઠમાં તેણી ગઇ અને પોતાને દીક્ષા લેવી છે એમ ગુરૂજી પાસે માગ્યું. ગુરૂએ તેને દીક્ષા આપી અને વિલસુએ પોતે ત્યાં હમેશાં રહેશે એમ કહી સખીને પોતાના ગામ જતા રહેવાનું ફરમાવ્યું.

૧૦૩ પોતાનું ખરૂં નામ શું છે તે તેણીએ અહીં જણાવ્યું નહિ. **નીપુણીકા** એવું નામ ધારણ કર્યું. મઠની અંદર બીજી સાધ્વી

ઓની સાથે મનનો આનંદ લેતી રહે છે. સચીવ સુત વીનુકાંત પાસેથી દીક્ષા લીધી. અને તેથી તેણી તેની પ્રભુની ઇચ્છાથી શીષ્ય થઈને રહી.

૧૦૪ તેને માટે જેણે દેશ તથા માત પીતા વગેરે સર્વ તજ્યું હતું તે તેને અહીંયાં મળ્યો છતાં એ તેણી તેને ઓળખી શકી નહિ. શી રીતે ઓળખી શકે ઘણા દીવસથી એક બીજાને નહિ જોયેલાં તથા બીજી દુનિયાનાં પ્રાણીઓ બનેલાં તેથી કેમ ઓળખી શકે ગુરૂએ પોતાનું નામ અહીં ફેરવ્યું હતું. તેમણે **મહીધરગીરી** એવું નામ ધારણ કર્યું છે. ગુરૂનું મુળસ્થાન શું છે તે આ નગ્રનું કોઈ પણ મનુષ્ય જાણી શકતું નથી. તેમજ ગુરૂએ પણ પોતાની આગલી જીંદગી સબંધી કાંઇ પણ વાત કોઇ સાધુને કહી નથી આથીકરીને કેટલાક તો એમજ ધારતા હતા કે ગુરૂ હીમાલયના વાસી હશે. ઉત્તર હીંદુસ્થાનના વતની હશે.

૧૦૫ શીષ્ય થઇને રહેલી વીલાસીકા નીત્ય ગુરૂનો ઉપદેશ લે છે. અને પોતાથી બનતી ધર્મ પ્રમાણે તેણી ગુરૂ સેવા કરે છે. કથામાં એક વખતે એમ કહેવામાં આવ્યું હતું કે ગુરૂનું સેવન કરવાથી મનુષ્ય મોક્ષ પામે છે. વીલાસીકા આ વાકયમાં શ્રદ્ધા રાખી ગુરૂનું સેવન કરતી.

૧૦૬ એક દીવસ એવો આવ્યો કે તે દીવસે ગુરૂ અને શીષ્યા એકાંતમાં પડયાં. આ વખતે શીષ્યાએ ગુરૂને ધારીને નીહાળ્યા. અને ગુરૂની મુખાકૃતી ધારીને નીહાળવાથી તે તેમને ઓળખતી ના હોય ? તેમ લાગ્યું. અને ઓચીંતાં તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

૧૦૭ ગુરૂએ શીષ્યાની આંખમાંથી આંસુની ધાર નીકળતાં જોઇ અને તે જોતાં જ વીચાર્યું કે નીપુણીકા શાથી અશ્રુપાત કરે છે. નીપુણીકાને તરત પોતાની છેક પાસે બોલાવી અને પુછ્યું કે ધર્મ-ભગીની બ્હેન નીપુણીકા મારી સન્મુખ જોઇ રહેતાં તને કેમ ઓછું આવી ગયું.

૧૦૮ ઘણી ઘણી યુક્તીઓ કરી તેને પુછી જોયું પણ તેણે ખરી વાત શી છે તે કહી નહિ. જેમ જેમ ગુરૂ વધારે પુછવા જાય છે તેમ તેમ તે વધારે આંસુ પાડે છે. આખરે ગુરૂના અત્યાગ્રહથી કહે છે "ગુરૂજી તમે મારા કોઇ રીતે સબંધી છો એમ મને લાગેછે."

૧૦૯ મારી આખી કથા હું આપને કહી શકું તેમ નથી. તે અતીશય દુખ ભરી બીના છે. મારો પીતા તે રાજા કરણસીંહ છે અને હું તેની એકની એક પુત્રી હતી. મારે ત્યાંના પ્રધાનના પુત્ર સાથે પ્રીતી હતી મેં મારૂં હૃદય તેને સમર્પ્યું હતું પણ પ્રભુ કોપે તેઓ મને તથા પ્યારી સુરત નગરીને તજી નાસી છુટયા છે તે તેમનો કાંઈ પત્તોજ નથી.

૧૧૦ વીલસુની આટલી વાત સાંભળતાં વીનુકાંત ચેતી ગયો મનમાં નક્કી થયું કે આ વીલાસીકાજ છે. નીપુણીકા તે ફકત તેનું ધારણ કરેલું નામ છે. અરેરે મારા માટે તે પરણી નથી, અને આટલાં આટલાં દુખ વેઠીને મારી સમક્ષ આવી પહોંચી. પણ હવે તો તે મારી ધર્મવીધી પુર્વક શીષ્યા થઈ ચુકી છે અને તેથી મારે અહીયાં તેની સાથે રહેવું તે લાયક નથી.

૧૧૧ મને એ સુરતના પ્રધાનનો પુત્ર વીનુકાંત જાણશે કે નકી

ફરીથી લગ્ન કરવાની માગણી કરશે. પરંતુ હવે એક વખત ત્યાગેલું જગત ફરીથી ધર્મ તજીને ઇચ્છવું નહિ; અરે, ના તેવી બીના મારાથી બની શકશે? તેની કદાચ તેવી માગણી થશે તો મારાથી તે સ્વીકારી શકાશે નહિ.

૧૧૨ ગુરૂજી નીપુણીકાને ઉપદેશ દેવા શરૂ કરે છે. બ્હેન નીપુણીકા લગીરે ઓછું લાવશો નહિ. અહીં એક ધ્યાનથી પ્રતીદીન પ્રભુ ભક્તિમાં લીન થાવ અને હવેનું જીવન સુખમય રહી ગાળો.

૧૧૩ તમે જે અનુમાન કર્યાં તે મને તો બીલકુલ સાચાં લાગતાંજ નથી. અનુમાન એકે વીલાસીકાએ કહ્યું કે "એ ગુરૂજી તમ દીસો મુજના સબંધી" તે હું શી રીતે તમારો સબંધી હોઇ શકું, તમે કહો છો કે હું તો સુરત નગરીની રાજ્યકુમારી છું પણ હું તો હીમાલયનો—ઉત્તર હિંદુસ્થાનનો વાસી છું અને મારૂં મુળ ગામ કાશીપુરી છે. મારો જન્મ તે નગ્રમાં થયો હતો અને મેં મારી બાલ્યાવસ્થા ત્યાંજ ગુજારી હતી

૧૧૪ નાની ઉમરમાં મને વૈરાગ્ય પ્રાપ્ત થએલો અને ત્યારથી મેં આ નીતી માર્ગ લીધેલો. હાલ જે આ દશાને પામ્યો છું તે તે સમયનું ફળ છે. આ પ્રમાણે વીલાસીકાને-વીનુકાંત પોતાના સંબંધની ખોટી વાત કહે છે. પોતે વીનુકાંત છે એ તેને જણાવવું યોગ્ય લાગ્યું નહિ. વિલસુના મગજમાંથી તે વિચાર કાઢી નાખવાની ખાતર ગુરૂને આ પ્રમાણે અસત્ય બોલવું પડયું છે.

૧૧૫ આ પ્રમાણે સર્વ વાત કહી તથા ઉપદેશ આપી ગુરૂએ વીલાસીકાને—નીપુણીકાને શાંત પાડી. પરંતુ નીપુણીકાના મનમાંથી ગુરૂ તેજ વીનુકાંત એ વ્હેમ દુર ન ગયો. તેણે તો તે

પ્રમાણે નીશ્ચયજ કર્યું હતું કે વીનુકાંત તે આ ગુરૂજી છે. મેં એ ગુરૂજીને બરાબર ઓળખ્યા છે.

૧૧૬ નીપુણીકા પછી ગુરૂ પાસેથી પોતાની ઓરડીમાં ચાલી ગઈ અને ત્યાં તેણે એક પત્ર લખવો શરૂ કીધો. પત્ર લખી મઠના પગીને તે પત્ર આપ્યો અને તેને સંધ્યાકાળ વીત્યા પછી ગુરૂને પહોંચાડવાનું કહ્યું.

૧૧૭ સંધ્યાકાળ વીતી ગયા પછી ગુરૂની પાસે મઠનો પગી નીપુણીકાનો પત્ર લેઇ આવ્યો. ગુરૂને કહે છે ગુરૂજી નીપુણીકાએ આ પત્ર આપની તરફ મોકલ્યો છે અને તેમણે મને બે ઘડી પહેલાં આપ્યો હતો.

૧૧૮ વિનુકાંત નીપુણીકાનો પત્ર કર લઈ વાંચે છે, તો તેમાં તેણીએ તેની આખી જીંદગીની બીના લખી હતી એમ માલૂમ પડયું. વળી તે લખે છે કે એ ગુરૂજી આ નીપુણીકા તે તમારી વીલસુ છે અને તમે મારા પીયુ વીનુકાંત છો.

૧૧૯ મારે એક વખત તમારાં દર્શન કરવાં હતાં તે હવે થયાં. મારી જીંદગી સફળ થઈ ગઈ. છેવટની આશા પ્રભુએ પુર્ણ કરી. આજ સુધી ફક્ત હું તમારા દર્શન કરવા સારૂ જ જીવતી હતી અને તે આજ થયાં. મારી આશા પરીપુર્ણ થઇ.

૧૨૦ આપણે બંનેજણાં હવે સ્વર્ગમાં મળીશું હું મૃત્યુના વશ થઈ પ્રભુ સમીપ જાઉં છું, મારી પાછળ તમે લગીરે દીલગીર થશો નહિ. પ્રભુ કરે ને આપનું આયુષ્ય સો વર્ષ સુધી વધો.

૧૨૧ મંદીર મધ્યે આવેલી તુળસી વાડીમાં ચીતા ખડકી આપના પવીત્ર હસ્તે તથા આનંદીત હૃદયે મને બાળજો જો તે

જગ્યાનું તથા મારૂં સ્મરણ રાખવાને આપની ઇચ્છા હોય તો તે ઉપર એક શીલા દટાવજો અને તે ઉપર નીચે પ્રમાણેનો લેખ કોતરાવજો.

૧૨૨ "આ શીલાની નીચે દઢ મનવાળી ભોળી નીર્દોષ હૈયાવાળી કુંવરી સુતી છે. તેના હાડકાં અહીં દટાયલાં હશે. તેણે તેના પતીના કાજે જગત તજ્યું અને સાધુત્વ ગ્રહણ કર્યું છે. તેણે જો કદી ખરૂં શીયળ પાળ્યું હોય તો હે પ્રભુ તેને આવતા અવતારે તેનો વીનુકાંત મળજો."

૧૨૩ વીનુકાંતે આ પત્ર વાંચી વીલસુને સંભારી સંભારી ઘણું રૂદન કર્યું. નીશાસો નાંખી નીપુણીકાની ઓરડી તરફ જાય છે. તેની ઓરડીમાં જઇને તેણે જોયું તો ત્યાં તેણે નીપુણીકાનું શબ ઓરડીની મધ્યમાં ચતાપાટ પડેલું દીઠું.

૧૨૪ વીલાસીકા-નીપુણીકા મૃત્યુ પામી એ વાત મઠમાં ફેલાતાં જ સઉ ત્યાં દોડી આવ્યાં અને તે શી રીતે મરણ પામી તે બાબત ઘણા ઉંડા વીચાર કર્યા. ગુરૂ સર્વ વાત સમજ્યા અને આખરે સાધુઓને હુકમ આપ્યો કે તેને તુળસી વાડીમાં આવતી કાલે દાહ દેજો.

૧૨૫ તે જગાપર-આપણે એક તુળસી ક્યારો કરાવીશું. હમેશાં પ્રભાતમાં હું ત્યાં નીત્ય, સાબરનું પવિત્ર જળ સીંચી જઇશ અને તેમી અંદર વાવેલી તુળસીના ઝાડને તમે સારી રીતે રક્ષજો.

૧૨૬ શરવરી આપણી કથાકાર આ પ્રમાણે પોતાના પતી સમીપે વીલાસીકાનું જીવન ચરીત્ર કહી જાય છે. અને કહે છે. આ પ્રમાણે વીલાસીકાની વાત છે અને તે ફક્ત કાલે રાત્રીએજ મર્ણ

પામી છે આ દુખી બીના–શોક સમાચાર આખા શહેરમાં ફરીવળ્યા છે અને તેથી સર્વ, શોક લીન થયા છે.

૧૨૭ પતીરાજ, મારે અને આ વીલાસીકાને કેટલાક દીવસથી મીત્રાઇ થઈ હતી. હું સાંજની નીત્ય કથા સાંભળવા જતીતી. મીત્રાઈ ગાઢ થતાં તેણે મને એક દીવસે આ પ્રમાણે પોતાનું જીવન કહી બતાવ્યું હતું

૧૨૮ પીયુ ચાલો ચાલો વાતમાંને વાતમાં સમય ઘણો વ્યતીત થઇ ગયો જમવાનું તૈયાર થઇ ગયું છે તે જમી લઇયે. જમ્યા પછી આપણે બંને ત્યાં વીલાસીકાની દાહ ક્રીયા થવાની છે તે જોવા જઈશું. નગ્રના ઘણા લોક જોવા આવશે.

[આ પ્રમાણે લેખક પોતાનું યોજેલું કામ સંપુર્ણ કરે છે. વારતા આવી રીતે બંધ કરવાનું કયમ બનવા પામ્યું છે તેનાં કારણ બતાવવાને આ સ્થળ યોગ્ય નથી. પ્રભુ કૃપાથી આર્યાવર્તમાં આવી અનેક સતીયો ઉત્પન્ન થાવ અને તેઓ દેશની ઉન્નતી કરવામાં સહાયક નીવડો. વીદ્યાર્થી મિત્રો અને આર્ય ભગીનીઓ વાંચ્યા પછી વીચાર કરે તોજ લેખકના પ્રયાસની સફળતા સમજાશે.]

મુસાફર.

વિલસુ સંપુર્ણ.

શુદ્ધિપત્રક.

(પ્રુફ સુધારવામાં ઉતાવળ થવાથી સરત ચુકથી કેટલીક ભુલો સુધારવી રહી ગઈ છે તેથી તેને નીચે પ્રમાણે સુધારી વાંચી લેશો.)

ગુરૂસ્મરણમાં ૪ થી ટુંકની પહેલી લીટીમાં ' તુજ 'ને બદલે ' તુંજ ' વાંચવું.

" " બીજી લીટીમાં ' તણા 'ને બદલે ' તણાં ' વાંચવું.

૬ ઠી ટુંકની ૪ થી લીટીમાં ૪ થી માત્રા આગળ ' ૨ ' જોઇએ.

કાવ્યમાં ૪ થી ટુંકની ૪ થી લીટીમાં 'સેવ' ના (વ) આ આ પ્રમાણે જોઇએ.

" ૩૬ મી ટુંકની ૨ જી લીટીમાં ' કુસમ 'ને બદલે ' કુસુમ ' વાંચવું.

" ૪૪ મી ટુંકની ૩ જી લીટીમાં 'છુ'ને બદલે 'છું' વાંચવું.

" ૪૭ મી ટુંકની ૩ જી લીટીમાં 'ક્ષત્રાણુી' ને બદલે 'ક્ષત્રાણી' વાંચવું.

,, ૫૬ મી ટુંકની ૩ જી લીટીમાં ' હુ ' ને બદલે
' હું ' વાંચવું.

,, ૬૦ મી ટુંકની ૨ જી લીટીમાં ' તે ' ને બદલે
' તું ' વાંચવું.

,, ૬૬ મી ટુંકની ૩ જી લીટીમાં ' ઉદધી ' ને બદલે
' ઉંદધી ' વાંચવું.

,, ૬૭ મી ટુંકની ૨ જી લીટીમાં ' જે ' ને બદલે
' જ ' વાંચવો.

,, ૭૧ મી ટુંકની ૨ જી લીટીમાં ' જાણ્યુ ' ને બદલે
'જાણ્યું' જોઇએ.

,, ૮૪ મી ટુંકની ૨ જી લીટીમાં છેવટે " આવું
ચીન્હ છે તે ગુરૂજી પછી જોઇએ.

,, ૧૨૦ મી ટુંકની ૧ લી લીટીમાં 'જણા' ને બદલે
જણાં વાંચવું.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

શાહ મણીલાલ છોટાલાલ લેખડીયા
"ભારત પ્રબોધ" ઓફીસ
સાંકડીશેરી અમદાવાદ.

રાવળ નટવરલાલ મોહનલાલ
સાંકડીશેરી સદમાતાની પોળ: અમદાવાદ.

"મેઘનાદ" પત્રની ઓફિસ
રાયપર, બાડીવાની પોળ, અમદાવાદ.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.